Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૩-૪૪ • તા. ૨૩ ઑક્ટોબર ૨૦૧૭ થી ૦૫ નવેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ભલારા ભક્તી મંડળ – હૈદરાબાદ આયોજીત લાલપર તીર્થ યાત્રા કાર્યક્રમ ની ઝલક









શનિવાર તા.૧૬.૯.૨૦૧૭, શ્રી મહાકાળી માતાજીની ભાવનાની ઝલક







રવિવાર, તા.૧૭.૦૯.૨૦૧૭, શ્રી ક.દ.ઓ.મંડળ- ડોંબિવલી આયોજીત ૪૧મા સ્નેહમિલન સમારોહની ઝલક












આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

અંક નં. 43-44/2017

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## 'ખરાબ લગે'

– પ્રવિણ લોડાયા, વડોદરા

તાજેતરમાં અમારા એક સંબંધીનું અવસાન થયું. તે જ સમયે અત્રે એક ધાર્મિક પ્રસંગનું આયોજન થયુ હતું જેની તૈયારી એક મહિનાથી ચાલતી હતી. એ પ્રસંગે મુંબઈથી આમંત્રિતો પધાર્યા ત્યારે જ ખબર પડી કે એ ભાઈનું અવસાન થયું છે. અને આગલા દિવસે અગ્નિદાહ અપાઈ ગયું છે, બે દિવસ પછી એમની પ્રાર્થના છે. મુંબઈથી પધારેલા આમંત્રિતોએ આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવાની ના પાડી. પુ. મહારાજસાહેબે એમને સમજાવ્યા કે બનવાકાળ બની ગયું. ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવામાં કોઈ જાતનો બાધ નથી. સ્વર્ગસ્થના ધર્મપત્નીનો પણ ફોન આવ્યો કે કાર્યક્રમ પતાવીને પછી જ તમે નિકળો.

પરંતુ આ ભાઈઓએ એમ કહ્યું કે 'ખરાબ લગે'. અમને તો જવું જ જોઇએ. નવાઈની વાત એ છે કે મરનાર સાથે કોઈના સારા સંબંધ ન હતા. એકબીજાને ઘણા સમય સુધી મળવાનું પણ થતું ન હતું. એ ભાઈ સ્વભાવે બહુ જ જીદ્દી હતા. કોઈની સાથે ભળતા ન હતા. કોઈને પણ એમના પ્રત્યે પ્રેમ કે લાગણી ન હતી, છતાં સમાજને ખરાબ લાગે માટે મહારાજ સાહેબને પણ એમણે ઓવરટેક કર્યા.

ત્યારે મારા મગજમાં વિચાર આવ્યો કે આજના ફાસ્ટ યુગમાં આવી બધી બાબતોનો કાંઈ અર્થ છે ? આપણા બધાના સંતાનો હવે એક જ સિધ્ધાંતથી ચાલી રહ્યા છે. મનમાં હોય તે જ હોઠે હોય ત્યારે આપણે ક્યાં સુધી આ દંભમાં જીવીશું? મનમાં લાગણી ન હોય છતાં 'ખરાબ લાગે' માટે આટલી દોડાદોડી ?

આમ જુઓ તો હમણાં બેસણાં પણ સુધરવા માંડ્યા છે. એમાંય હવે નોવેલ્ટીઓ આવવા માંડી છે. તાજેતરમાં જ છાપાના છેલ્લા પાને બેસણાંની જાહેર ખબરમાં લખ્યું હતું કે 'કોઈએ સફેદ કપડાં પહેરીને આવવું નહીં.' અર્થાત તમે રોજીંદા જે પહેરતા હો, એ જ કપડે આવવાનું.

દુનિયામાં હવે વ્યવહાર– બહેવાર જેવું કાંઈ રહ્યુ જ નથી. જે લોકો ઓલરેડી મરવાના થયા છે એ બધાએ હવે મરવાનું સાયન્સ આગળ વધાર્યું છે, ડેવલપ કર્યું છે.

હવે એકની એક જૂની ઘરેડ બદલવી તો પડશે ને ? ક્યાં સુધી સ્વર્ગસ્થ વડીલના સ્માઈલ આપતા ફોટાની બાજુમાં બેઠેલો એનો દિકરો આવનાર ડાઘુએ–ડાઘુએ જય જિનેન્દ્ર કહીને મોઢું વીલું રાખીને બેસી રહેશે ?

પ્રાર્થના – બેસણાં ના ક્ષેત્રે બદલાવ આવી રહ્યો છે કે જ્યાં શોક અને ગમગીનીના બદલે હેપ્પીનેસ લાવવા પ્રયાસ થઈ રહ્યા છે. મૃત્યુ પછી શોકનું વાતાવરણ એ એક સર્વમાન્ય ટ્રેન્ડ છે.

આપણા શાસ્ત્રો કહે છે કે આત્મા મરતો નથી, તે નવો દેહ ધારણ કરે છે પરંતુ જેમના સ્વજનનું મૃત્યું થયું છે તે આવી કોઈ થિયરીમાં માનતા નથી. ઘરમાંથી એક વ્યક્તિની બાદબાકી બાદ તેની યાદ ગમગીની વધારે છે. એટલે તો આપણે ત્યાં જેમના ઘરમાં કોઈનું મૃત્યુ થયું હોય ત્યાં કુટુંબીજનો બારમાં–તેરમાંની વિધિ સુધી સાથે રહે છે જેથી મૃતકના નજીકના સ્વજનને એકલવાયું ના લાગે.

ધીરે ધીરે સમયની થપાટો બધુ ભુલાવી દે છે અને મૃતકના સ્વજનો સમયની ઘટમાળ સાથે જોડાઇ જાય છે. મૃત્યુ એ ખરેખર દુઃખદ બાબત છે. જેના સ્વજન મૃત્યુ પામ્યા હોય તેનો ખાલીપો સમય સિવાય કોઈ પુરી શકતું નથી. દરેક પાસે સમયનો અભાવ છે. લૌકિક વ્યવહારો બંધ થતાં જાય છે. અમેરિકામાં નિશ્ચિત સ્મશાનગૃહમાં બધા ભેગા થાય છે. કોઈ નનામી નહીં કે કોઈ રામ બોલો ભાઈ રામ નહીં, કે કોઈ જય જિનેન્દ્ર, જય મહાવીર નહીં. સ્મશાનમાં (મેરીટોરિયમ) આવેલા હૉલમાં જ બેસણું યોજાય છે. બધા છૂટા પડ્યા તે પડ્યા ! અંગત કુટુંબીઓ ખૂણામાં બેસીને બે આંસુ સારી લે છે.

જેમ જેમ સંયુક્ત કુટુંબની ભાવના તુટતી ગઈ અને જેમ જેમ અમે બે અમારા બેની ભાવના પ્રબળ બનતી ગઈ તેમ તેમ તેની અસર મૃત્યુ સમયે જોવા મળે છે. સ્મશાન યાત્રામાં કુટુંબીજનો કરતાં વધારે પાડોશીઓ અને મિત્રો હોય છે. નનામી ઉંચકીને શબવાહિની સુધી લઈ જવાય છે.

નનામી ઉંચકીને ઘરેથી સ્મશાન સુધી લઈ જવાની પ્રથા તો સમયનો અભાવ, સંખ્યાનો અભાવ અને નનામી ઉંચકી શકે એવી ક્ષમતાવાળાઓ નો અભાવ હોય છે.

હવે શોકસભાનો દંભ જુઓ : જવાવાળાને કોણ રોકી શકે છે ? જો કે એ જવા વાળાને રોકીને

પણ જગતને, કોઈ વિશેષ ફરક પડવાનો ન હોય, તેમ છતાં આમ બોલવામાં આવે.

જવાવાળા મોટે ભાગે અતિ મિલનસાર સ્વભાવના તથા પરગજુ હોય. કમાલ એ છે કે જીવનકાળ દરમિયાન પોતાની પત્ની કે પાડોશીઓ સાથે પણ બનતું ન હોય. પરગજુ ક્યા એંગલથી ગણાયા એ સવાલ તો સ્વર્ગસ્થના કુટુંબીજનો પણ અંદરો અંદર આંખના ઈશારાથી પૂછી લે છે !

અવસાન પામેલી વ્યક્તિ અચાનક સાલસ અને સરળ સ્વભાવની બની જાય. મૃતકના ગુણગાન સાંભળો અને તેમના જીવનકાળને યાદ કરો તો તમારા હૈયાને હસવું કે રડવું એની ખબર ના પડે.

શોકસભામાં સ્ટેજ પર બિરાજમાન વક્તાઓ સદ્‌ગત કરતાં પોતાની વાત વધારે કરે. સભામાં શ્રોતાગણ પણ અંદર અંદર સ્વર્ગસ્થ આપ્તજનની વાત કરતાં અટકે નહીં.

હજી ગઈ કાલે સાંજે તો અમે મળ્યા હતા. ગઈ કાલે સાંજે તમને મળવાવાળી વ્યક્તિને તમારા સમાગમથી અમરપટ્ટો મળવાનો હતો ?

શોકસભામાં અવસાન પામેલી વ્યક્તિના થોડાં યશોગાન કરીને વચ્ચે વચ્ચે પોતાના પાપડ શેકી લેનારા ઘણા દેખાય. એમનો બોલવાનો શોખ શોકના નામે સભામાં પોસાયા કરે. ગયેલા આત્માને શાંતિ મળે અને સાથે એમનું કલ્યાણ થાય. બે મિનિટનું મૌન...

બાય ધ વે, મારી પ્રાર્થના કે બેસણું રાખેલ નથી તમે નહીં આવો તો મને ખરાબ નહીં લાગે.


પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનમ્ર વિનંતી.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## કલર ફોટોમાં છપાઈ ભુલ

અંક નં. ૪૨માં કવર પેજ ઉપર છપાયેલા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના ફોટોગ્રાફમાંથી બે ફોટા ટેકનિકલ પ્રોબ્લેમના કારણે અધુરા છપાયા છે જે આવનારા અંકમાં પ્રકાશીત થશે. જેની નોંધ લેવા વિનંતી.

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

જૈનમ્ જયતી શાસનમ — ટ્રસ્ટ રજી. નં. A2640(Ahmedabad)

શ્રી આદિનાથાય નમઃ  શ્રી વિમલનાથાય નમઃ  શ્રી અનંતનાથાય નમઃ  જય જય ગરવી ગુજરાત

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ

રજી.ઓફિસ-ઃ ''અમીત'' 5-પરસાણા નગર, જંકશન પાછળ, રાજકોટ - 360 001.

સરક્યુલર નં. ૪/૧૭ — ૧૦-૧૦-૨૦૧૭

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની આગામી **જનરલ મીટીંગ તા.૧૨-૧૧-૨૦૧૭ ને રવિવારે સવારના ૧૧-૦૦ કલાકે વડોદરા મુકામે** માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા વિવિધ લક્ષી હોલ, શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, સરસ્વતી નગર સોસાયટી, વારસીયા રીંગ રોડ, વડોદરા.ફોન- ૦૨૬૫ ૨૫૩૧૭૦૦ એડ્રેસ પર રાખવામાં આવેલ છે.

**મીટીંગની કાર્યસુચી (એજન્ડા)**

૧. એકમની ૨૦-૧૧-૨૦૧૬ ની જનરલ મીટીંગ ની મીનીટ્સ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.
૨. એકમના ૩૧-૩-૨૦૧૭ ના રોજ પુરા તથા વર્ષના ઓડીટેડ હિસાબ -કિતાબ.
૩. એકમના ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ માટે અંદાજીત બજેટ .
૪. એકમના ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવા બાબત.
૫. પ્રમુખશ્રી અથવા પ્રમુખશ્રીની અનુમતીથી જે કાંઈ રજુઆત થાય તેના પર ચર્ચા-વિચારણા કરવા બાબત.

નોંધ-(૧)કોરમના અભાવે જો મીટીંગ મુલ્તવી રાખવી પડે તો ઉપરોકત સ્થાને ૩૦ મીનીટ પછી કોરમનો બાધ લીધા વગર મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે.
(૨) **ફકત તા. ૩૦-૧૦-૨૦૧૭ સુધી નોંધાયેલા એકમના સભ્યો માટે પ્રવેશ,** સભ્યોને માત્ર પ્રકાશ સમીક્ષાના માધ્યમથી જાણ કરવામાં આવે છે, વ્યક્તિગત નોટીસ મોકલવામાં આવશે નહી.
(૩) નોંધ - સર્વે સભ્યો તથા આમંત્રીત મહેમાનો માટે મીટીંગ બાદ ભોજનની વ્યવસ્થા છે.

લિ. સેક્રેટરી
શ્રી ક. દ. ઓ.જૈન પશ્ચિમ એકમ
M. M. Lodaya
મુકેશ માણેકજી લોડાયા

પત્ર વ્યવહાર માટે કાર્યાલય નું એડ્રેસ
સેક્રેટરી શ્રી ક. દ. ઓ.જૈન પશ્ચિમ એકમ મુકેશ માણેકજી લોડાયા
-ઃ સાંચરા સદન, અચલગચ્છ જૈન ભવન પાછળ, કોર્પોરેશન વોર્ડ ઓફીસની બાજુમાં, જીપીઓ પાસે, રાવપુરા,વડોદરા-390 001(ગુજરાત) મો. 09426403337, ઈ-મેઈલ forumarts@yahoo.com

# ભલારા ભક્તિ મંડળ – હૈદરાબાદ
# હલો લાલપર દેવસ્થાન

**એક હવા કા ઝોંકા આયા**
**ઔર લાલપર યાત્રા કા આયોજન હુઆ,**
**લોગ જુડતે ગયે**
**ઔર કારવાં બનતાં ગયા....**

પ્રતિ વર્ષાનુસાર આ વર્ષ પણ ચૈત્રીપૂનમ નાં દિવસે શ્રી ભલારા ભક્તિ મંડળ હૈદરાબાદનાં ઉપક્રમે સામુહીક પાઠ-પ્રસાદીનું આયોજન હતું એમાં પાઠ પહેલા ૪-૫ જણ આમજ વાતો કરતા હતા. વાતોવાતોમાં કુલીનભાઈ ધુલ્લા એ કહ્યું કે કેમ ભલારા ભક્તિ મંડળ દ્વારા લાલપર દેવસ્થાન યાત્રાનું આયોજન કરવું. આપણે હૈદરાબાદ વાસી ભલારા દાદાને નમતા સર્વે ભાવિકો મળીને લાલપર ગામે જઇ, દાદાના સ્થાને જઇ પાઠ તથા પેડીનું આયોજન કરીએ. ચાર પાંચ ઉત્સાહી કાર્યકરો આગળ આવ્યા. સૌ કાઈએ પોતાના રીતે પ્રતીભાવ વ્યક્ત કરેલ. પોતાનું અનુદાન લખાવેલ. સર્વે મુદા ધ્યાનમાં લઈ વ્યવસ્થા માટે ચર્ચા વિચારણા થઈ. ટીકીટ પૂરતા પૈસા લઈ બાકી ખર્ચ માટે લાભાર્થી ઉભા કરવામાં આવે એમાં શ્રી ગુલાબભાઈ મોતા તરફથી આશ્વાસન મળ્યું કે જે ઘટશે તે માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર પૂરું કરી આપશે.

૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ દશેરાનાં દિવસે સીકંદરાબાદ રાજકોટ ગાડીથી જવું અને ૪ ઓક્ટોબર ૨૦૧૭નાં રોજ ગાડીથી પાછા ફરવું. ટીકીટો કઢાવવાની જવાબદારી કાન્તીલાલ મોતાએ ઉપાડી લીધી. ઉત્સાહ ઉત્સાહમાં માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર, ગામ કુઆપધર મુખ્ય સંઘપતી દાતા બન્યા. સહાયક દાતા તરીકે શ્રી કુલીન ટોકરશી ધુલ્લા – ગામ સુથરી, માતુશ્રી દેવકાબેન વીરપાર લોડાયા (જાગીરદાર) ગામ બાંઢીયા, શ્રી હંસકુમાર રાયચંદ સાયલા ગામ સુથરી, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા ગામ રાપર ગઢવારી, જેવા પરિવારો આગળ આવ્યા. જેની સાથે માતુશ્રી રતનબેન દામજી મોતા ગામ તેરા, ટ્રેનમાં ભોજન અને ચાય આવતી વખતે ચાય, પાણી નાસ્તો ની વ્યવસ્થા તથા આખી યાત્રા દરમીયાન જાત જાતનાં ચોકલેટ, ટાઈમ પાસ ફુડ પેકેટો, ચીક્કી, ડ્રાયફ્રુટની વ્યવસ્થા શ્રી માણેકજી શામજી લાલકા ગામ વાકું વાળા તરફથી થઈ.

પહેલો દિવસ તા. ૩૦-૯-૨૦૧૭ બપોરનાં ૩.૦૦ વાગે યાત્રાનો આરંભ થયેલ. લગભગ ૭૮ જણ યાત્રામાં જોડાયા. સાંજના સ્વાદીષ્ટ ભોજન માણી રાતનાં ૮.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી ભક્તિ ભાવનાની રમઝટ જમાવી.

બીજો દીવસ ટ્રેનમાં વલસાડ સ્ટેશને ગરમા ગરમ નાસ્તો, વડોદરા પર ભોજન, અમદાવાદ ઉપર આઈસ્ક્રીમ નો લાભ લીધેલ. સાંજના ૭.૦૦ વાગે રાજકોટ સ્ટેશન પર ઉતરી બસમાં બેસી ગયા. રાત્રે ૧૦.૦૦ વાગે લાલપર પહોંચી ગરમાં ગરમ કચ્છી ભોજન નો સ્વાદ લીધેલ.

ત્રીજા દિવસે સવારનાં નાસ્તા બાદ પૂજ્ય ભલારા દાદાની સમુહ પહેડી આરતી કરીને જામનગરમાં જીન મંદીરોનાં દર્શન તથા ચાંદી બજારની માર્કેટમાં ખરીદી કરી બપોરનું જમણ પતાવી લાલપર પાછા ફર્યા. સાંજનાં પાઠની તૈયારી થઈ. અમારા આમંત્રણને માન આપી ભુજથી ભુવાશ્રી કીશોરભાઈ સાંયા પણ પધાર્યા હતા. ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં પાઠ થયો. ત્યારબાદ મુખ્ય સંઘપતી દાતા માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા પરિવારનું બહુમાન કરવામાં આવેલ. એની સાથે સર્વે સહાયક દાતાઓનાં બહુમાન થયા. કાર્યકર્તાઓનું સમ્માન સાથે શ્રી કીશોરભાઈ સાંયા ધનપતભાઈ માતા, યોગેશ બોરીચાનું પણ બહુમાન કરવામાં આવ્યું (શ્રી કીશોરભાઈ સાંયા એ પુજ્ય ભલારા દાદાનો ઈતિહાસ વિસ્તારપૂર્વક સમજાવેલ. વિધી વિધાન બાબત થયેલ પ્રશ્નોત્તરીમાં સૌનું સમાધાન કર્યું.

ચોથા દિવસે વહેલી સવારે ઉઠીને ચાય નાસ્તા કરી હાલાર પટની ચૈત્ય પરી પાટી માટે પ્રસ્થાન થયેલ. દલતુંગી, રંગપુર, મોડપર આરાધના ભવન, મંદીરોનાં દર્શન કર્યા રંગપુર મુકામે પૂજ્ય કોટીશ ગુણા દીવ્ય ગુણા મહારાજ સાહેબનાં ગુરુવંદન કર્યા. પૂજ્ય શ્રી હૈદરાબાદનું નામ સાંભળી ખુબ આનંદીત થયા. ૫-૬ વર્ષ પહેલા એમનું ચાતુર્માસ હૈદરાબાદમાં હતું. બપોરનાં જમણ પછી વિરપૂર ગામમાં પૂજ્ય જલારામ બાપાનાં મંદીરે દર્શન કરી, ચોટીલા પહોંચી નીચે ચામુંડા માતાજીનાં દર્શન કરી રાત્રે ચોટીલામાં વિશ્રામ કર્યો. પાંચમાં દિવસે સવારનાં ૪.૦૦ વાગે રાજકોટ સ્ટેશન પર આવી ગયા. ત્યાંથી સવારનાં ૫.૦૦ વાગે ટ્રેનમાં બેસી છઠ્ઠા દિવસે સવારનાં ૧૧.૦૦ વાગે સીકંદરાબાદ પહોંચ્યા. ત્યાંથી સૌ પોત પોતાનાં સ્વગૃહે જવા માટે છુટા પડ્યા.

હૈદરાબાદની પ્રથમ સમસ્ત ક.દ.ઓ. સમાજનાં ભલારા ભાવિકોની લાલપુર યાત્રા કદી ન ભુલી શકાશે.

**જય ભલારા**

# ૪૧માં સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્યનું અવિસ્મરણીય સંભારણું

રવિવાર, તા. ૧૭.૦૯.૨૦૧૭, હોરીઝોન હોલ, ડોંબિવલી (પૂર્વ)

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી અને આજુબાજુના પરિસરમાં વસતા આપણા જ્ઞાતિજનોનો શિરોમણી કાર્યક્રમ સ્નેહમિલનની પૂર્વ સંધ્યાએ શ્રી મહાકાળી માતાજીની ભાવના તેમજ સ્નેહમિલનના દિવસે શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ, શ્રી સરસ્વતી દેવીના ઉપાસકોનું સન્માન અને તપસ્વીઓનું બહુમાન સહ સ્વામિવાત્સલ્યનો ઇંતજાર સહ સર્વેને તાલાવેલી હોય છે.

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી દાતા પરિવારોના સહાયથી ૩૬થી પણ અધિક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. મંડળને જ્યારે પણ કોઇ પણ દાનની જરૂર પડી છે ત્યારે દાતાશ્રીઓએ દાનની અવિરત ગંગા વહાવી છે. મંડળ સદાય તેમનું ઋણી છે અને રહેશે.

રવિવાર, તા. ૧૭.૦૯.૨૦૧૭ મંડળના ૪૧માં સ્નેહમિલનની શુભ શરૂઆત સવારે ૯:૧૫ કલાકે હોરીઝોન હોલમાં માનવંતા મહેમાનોનું ઢોલ-શરણાઇના સુરે વાજતા-ગાજતાં કંકુ-ચોખાનું તિલક કરીને મંડળના પ્રમુખશ્રી અતુલ ડુંગરશી ધરમશી (સુથરી) ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા) અને માનદ્‌મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર) તેમજ મંડળના વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સર્વે સભ્યોએ અંતરની ઉર્મિઓથી ભાવભીનું સ્વાગત કર્યું હતું.

૧) **સમારંભ પ્રમુખ** શ્રી નરેશ ભવાનજી મોમાયા (નલીયા-ઘાટકોપર), ૨) **અતિથિ વિશેષ** શ્રી કેતન કુલીનકાંત નાગડા (તેરા-નાંદેડ), ૩) **શ્રી મહાકાળી માતાજી**ની ભાવનાના દાતાશ્રી સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધ્ધર-ડોંબિવલી) હસ્તે અ.સૌ. હંસાબેન જીજ્ઞેશ લોડાયા ૪) **શેઠશ્રી નરશી નાથા**ની છબીનેહારારોપણના દાતાશ્રી ટોકરશી રતનશી લોડાયા (પતાણી પરિવાર) હસ્તે શ્રી ઝવેરચંદ ટોકરશી લોડાયા (વારાપધ્ધર-ડોંબિવલી) ૫) **શૈક્ષણિક સન્માન**ના દાતાશ્રી બીપીન પાર્શ્વીર નાગડા (રંગપુર-મુલુન્ડ), ૬) **તપસ્વી બહુમાન**ના દાતાશ્રી માતુશ્રી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી (કોઠારા-ડોંબિવલી) ૭) **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**ના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી-ઘાટકોપર) તેમજ દાતાશ્રી પરિવારજનો, પધારેલા મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, શ્રી મુંબઇ મહાજનના પદાધિકારીઓ, મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ નવકારશી કરી કાર્યક્રમના હોલ તરફ શુભ પ્રસ્થાન કર્યું હતું.

મંડળના માનદ્‌મંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ કાર્યક્રમની શુભ શરૂઆત કરતાં સૌ પ્રથમ મંડળની વ્યવસ્થાપક સમિતિની બહેનોએ સામૂહિક નવકાર મંત્રનું પઠન, મંચ ઉપર બિરાજમાન થનાર મહાનુભાવોના હસ્તે દીપ પ્રકાશન, શ્રી મહાકાળી માતાજી, શ્રી સરસ્વતી માતાજી અને શેઠશ્રી નરશીનાથાની છબીને હારારોપણ કરવામાં આવ્યુ હતું.

પ.પૂ.સા.શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ મંડળની આગ્રહભરી વિનંતીને માન આપી અત્રે પધાર્યા હતા. પૂજ્યશ્રીએ મંગલવાણીને માંગલિક સહ સામૂહિક ક્ષમાપના કરી સંઘના રસોડે સ્વામિવાત્સલ્યમાં ગોચરીનો લાભ આપેલ.

**મંડળના માનદ્‌મંત્રી** શ્રી મહેન્દ્ર મોતા એ મહાનુભાવોને આવકાર આપી મંચસ્થ મહાનુભાવોને મંચ ઉપર મંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, માનદ્‌મંત્રીશ્રી અને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ બહુમાનપૂર્વક મંચ ઉપર મહાનુભાવોને બિરાજમાન કરાવ્યા હતા. માનદ્‌મંત્રીએ મંડળની વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ સંક્ષિપ્તમાં રજૂ કર્યો હતો.

**મંડળના પ્રમુખશ્રી** અતુલ ધરમશીએ સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષ, દાતા પરિવારો, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોને આવકાર આપી સાથ સહકારની પ્રશંસા કરી હતી.

**સમારંભ પ્રમુખશ્રી** નરેશભાઇનું બહુમાન મંડળના પ્રમુખશ્રી અતુલભાઇ તેમજ તેમનું પરિચય મંડળના સહ માનદ્‌મંત્રી શ્રી વિશ્વજીત ખીમજી લોડાયા (કોઠારા)એ કર્યું હતું. **નમો**(નરેશભાઇ મોમાયા) નું આજે જન્મદિવસ હોવાને કારણે કેકથી સર્વે જ્ઞાતિજનોએ શુભેચ્છા આપી હતી. જોગાનુંજોગ એજ દિવસે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો પણ જન્મદિવસ હતો. શ્રી નરેશભાઇ શિક્ષણ પ્રેમી, ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલા અને શિસ્તપ્રેમી છે. શૈક્ષણિક પ્રસારક સમિતિ **(SPS)** અને આપણી પોતાની અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહનું **(VLVG)** આપણા જ્ઞાતિજનોને લાભ લેવા જણાવ્યું હતું. એ માટે જે પણ સહાય જોઇશે તે અમે જરૂરથી આપીશું. જ્ઞાતિજનોએ પોતાના દરેક બાળકો વિદ્યાર્થીગૃહમાં જરૂરથી મોકલવા જોઇએ. બહારના વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા હોય તો આપણા વિદ્યાર્થીઓ કેમ લાભ નથી લેતા ? લાભ લેવું જ જોઇએ. આ સમયે આપણી જ્ઞાતિના દાનવીર શ્રેષ્ઠિવર્યોના દાનથી આપણી શિક્ષણ સંસ્થાઓને દિવસ-રાત અવિરત ધબકતી રાખનાર **શ્રી શીવજી કુંવરજી વિકમશી (રાણપર-પરેલ), શ્રી હંસકુમાર બી. ખીમજી (તેરા-માટુંગા), શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી-વરલી)** એમને મંડળ નતમસ્તકે વંદન સહ અનુમોદના કરે છે. સમારોહ પ્રસંગે તેમજ શ્રી નરેશભાઇના જન્મદિવસની ખુશાલી નિમિત્તે મંડળને શિક્ષણ માટે રૂા.૧,૦૧,૦૦૦/- નું અનુદાન જાહેર કર્યું હતું. મંડળ એમની અભિવંદના કરે છે.

**સમારંભ અતિથિ વિશેષ** શ્રી કેતનભાઇનું બહુમાન મંડળના ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇ તેમજ તેમનો પરિચય મંડળના કોષાધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા (નલીયા)એ કર્યું હતું. શ્રી કેતનભાઇ મંડળના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. બહારગામથી આવતા જ્ઞાતિજનો માટે અતિથિગૃહ પર ખાસ ભાર મુક્યો હતો. નાનુ એવુ સંકુલ અત્યંત જરૂરી છે. નાંદેડમાં એમના દ્વારા જ્ઞાતિજનોમાટે વીસીની જાણકારી આપી હતી. જ્ઞાતિ માટે કોઇપણ કાર્ય અશક્ય નથી. વીસીથી જ્ઞાતિજનોને સારી રીતે મદદ કરી શકાય એ વાત પર વિશેષ ભાર મૂક્યો હતો. મંડળને હર હંમેશ સાથ સહકારની ખાત્રી આપી હતી. આ પ્રસંગે મંડળને રૂા.૭૫,૦૦૧/-નું અનુદાન સાધારણ માટે જાહેર કરેલ. મંડળ એમની અભિવંદના કરે છે.

**સમસ્ત મહાજન**ના જનરલ સેક્રેટરી શ્રી ચીમન મેઘજી મોતા (વારાપધ્ધર-મુલુન્ડ)નું બહુમાન મંચસ્થ મહાનુભાવોએ કર્યુ હતું. ચીમનભાઇએ કહ્યુ હતું કે હું પણ ડોંબિવલીથી જ આગળ આવ્યો હતો અને મંડળ મારુ પોતાનું જ છે મંડળ માટે કોઇપણ ક્યાંય પણ

કંઇપણ કાર્ય હોય તો સદાય તત્પર છું અને રહીશ. ડોંબિવલી અને પરિસરમાં વસતા સમસ્ત જ્ઞાતિજનોએ નાના મોટા વિવિધલક્ષી સંકુલ માટે ઝુંબેશ ઉપાડીને કાર્ય આગળ વધારવું જોઇએ. આપ સર્વે આગળ વધો અમો તમારી સાથે જ છીએ. દર વર્ષની જેમ આ વર્ષે પણ મે. તન-મન ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ (મુલુન્ડ) તરફથી શ્રી સમ્મેતશિખરજીની યાત્રાનું એક લક્કી ડ્રો કરવામાં આવેલ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ**ના પ્રમુખશ્રી કલ્પેશભાઇનું બહુમાન મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ કર્યું હતું. તેમણે મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. જ્ઞાતિજનોએ નાના મોટા કોઇપણ કાર્ય માટે નિઃસંકોચ મળી શકે છે. જ્ઞાતિના દરેક કાર્યો માટે સદાય તત્પર છીએ. ડોંબિવલીમાં વસતા તેમજ બહારગામથી આવતા જ્ઞાતિજનો માટે નાનુ-મોટું સંકુલ હોય તે માટે બનતા પ્રયત્નો કરી જલદીથી એની પૂર્ણાહુતિ કરીશું. આ પ્રસંગે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો વતી શિક્ષણક્ષેત્રે માતબર રકમ રૂા.૧,૫૧,૦૦૦/-નું અનુદાન જાહેર કર્યું હતું. મંડળ એમની અભિવંદના કરે છે.

**શૈક્ષણિક** સહાયક દાતાશ્રી બીપીનભાઇનું બહુમાન જ્ઞાતિદીપ તંત્રી શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા), શ્રી પ્રફુલ કેશવજી નાગડા (વારાપધ્ધર), શ્રી સંજય મણીલાલ નાગડા(રાપર ગઢવારી)એ કર્યું હતું.

શ્રી બીપીનભાઇ તથા મંચસ્થ મહાનુભાવોના હસ્તે એસ.એસ.સી. અને એચ.એસ.સી. માં પ્રથમ, દ્વિતિય ક્રમાંક તેમજ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ સરસ્વતી ઉપાસકોને પુષ્પગુચ્છ, સન્માનપત્ર અને ટ્રોફી આપવામાં આવેલ. શ્રી બીપીનભાઇએ કહ્યુ હતું કે આપણે કોઇ ઉપર કેટલા દિવસ નિર્ભર રહીશું! **'યા હોમ કરીને પડો ફતેહ આગે છે'**. જો આપણે આગળ નહીં વધીએ તો કશુંજ થવાનું નથી. તો જ્ઞાતિજનો ચાલો આપણે સહુ સાથે મળીને આગળ વધીએ.

**શ્રી મહાકાળી માતાજી**ની ભાવનાના દાતા પરિવાર વતીથી અ.સૌ. હંસાબેન જીજ્ઞેશ લોડાયાનું બહુમાન મંડળની બહેનો શ્રીમતી ભાવના ભરત મોમાયા (નલીયા), શ્રીમતી જીગ્ના વિજય છેડા (સુજાપર), શ્રીમતી ભાવિની સુનિલ નાગડા (નલીયા), તથા શ્રીમતી રીમા રોબિન લોડાયા (ગોરખડી)એ કર્યું હતું. શ્રી જીજ્ઞેશભાઇએ પોતાના વિચારો રજુ કરતાં મંડળે જ્ઞાતિના વિવિધલક્ષી હોલ માટે ડોંબિવલી અને પરિસરમાં વસતા જ્ઞાતિના ૧૫૦૦થી અધિક ઘરમાંથી વ્યક્તિ દીઠ સ્વેચ્છાએ રૂા.૧૦,૦૦૦/- કે તેથી વધુ ફંડફાળો આપે તો આપણે આપણું પોતાનું સંકુલ બનાવી શકીએ. આ યોજના માટે આપણે આપણા પ્રયત્નો જાતે જ કરવાં પડશે. આ પ્રસંગે મંડળને રૂા.૧,૨૫,૦૦૦/-નુ અનુદાન મળેલ છે. મંડળ એમની અભિવંદના કરે છે.

**શેઠશ્રી નરશી નાથા**ની છબીને હારારોપણના દાતાશ્રી ઝવેરચંદ ટોકરશી રતનશી લોડાયાનું સન્માન શ્રીમતી મનોરમાબેન નરેશ મોમાયા(નલીયા), શ્રીમતી મીનલ કેતન નાગડા (તેરા), શ્રીમતી આરતી અતુલ ધરમશી(સુથરી), શ્રીમતી સુનિતા મહેન્દ્ર મોતા(વારાપધ્ધર)એ બહુમાન કર્યું હતું. શ્રી ઝવેરચંદભાઇએ મંડળ વધુને વધુ સારા કાર્યો કરતા રહે એવી હાર્દિક શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે મંડળને રૂા.૫૫,૫૫૫/-નું અનુદાન મળેલ છે. મંડળ એમની અભિવંદના કરે છે.

**તપસ્વી બહુમાન**ના દાતા માતુશ્રી જ્યોતિબેનનું સન્માન મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી અજય હીરાચંદ શિયાડ (જખૌ) અને મંડળની બહેનોએ કર્યું હતું. તેમના પરિવાર દ્વારા **૩૫ ઉપવાસ શ્રીમતી કામીની અજય મોતા (નલીયા), ૩૦ ઉપવાસ શ્રીમતી સુમન ચંપકલાલ ખોના (રંગપુર), શ્રીમતી ભાવના દીપક મોમાયા (રાણપર), ૧૮ ઉપવાસ શ્રી રાજેશ પ્રવિણચંદ્ર મૈશેરી (મોટી સિંધોડી)** તેમજ ૧૦૪ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાભાર્થી પરિવાર તરફથી દરેક તપસ્વીઓને અનુમોદના રૂપે વસ્તુ ભેટ આપેલ તેમજ મંડળને રૂા.૫,૧૦૦/-નું અનુદાન મળેલ છે. મંડળ એમની અભિવંદના કરે છે.

**ડોંબિવલીના નામદાર** મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યમંત્રી શ્રી રવિન્દ્રજી ચવ્હાણ અને શ્રી દીનેશ કાંતિલાલ ગોર (નલીયા) મંડળના આમંત્રણને માન આપી પધાર્યા હતા. તેમનું બહુમાન મંડળના પ્રમુખ શ્રી અતુલભાઇ, ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇ, માનદ્મંત્રી શ્રી મહેન્દ્રભાઇ, સહ માનદ્મંત્રી શ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા) અને મંચસ્થ મહાનુભાવોએ કર્યું હતું. નામદાર શ્રી રવિન્દ્રજીએ ડોંબિવલીમાં વસતા ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો માટે વિવિધલક્ષી હોલ માટે એક સમિતિની રચના કરી અને મારી સાથે સતત સંપર્ક માં રહી સરકારી જાણકારી અને સંપૂર્ણ મદદ કરીને અમે આ કાર્ય સુપેરે પૂર્ણ કરીશું. એવી બાંહેધરી આપી હતી. ડોંબિવલી વેપારી સંગઠનના પ્રમુખશ્રી દીનેશભાઇ ગોર એ નમો નવરાત્રિની જાહેરાત ફ્રી પાસથી કરી હતી. હું પણ મંડળના કોઇપણ કાર્ય માટે સાથે હતો, છું અને રહીશ. મંડળને એમના તરફથી વિશેષ અનુદાન મળેલ છે. મંડળ એમની અભિવંદના કરે છે.

૪૧માં સ્નેહમિલનમાં મંડળના ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇએ આભારવિધિ કરતાં કહ્યું કે પ્રત્યક્ષ/પરોક્ષ નામી-અનામી દરેકનું આ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું એ બદલ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

૪૧માં સ્નેહમિલનમાં જ્ઞાતિજનો, મહાજનો, ટ્રસ્ટીઓ, મંડળો, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના પદાધિકારીઓ અંદાજે ૨૩૦૦થી વધારે હાજરી હતી. સ્વામિવાત્સલ્ય પછી બાકીના તપસ્વીઓનું બહુમાન, બપોરની ચા-પાણી અને રાસ-ગરબા મન મૂકીને માણ્યા હતા. તેમજ આ કાર્યક્રમની અંદર આગામી બે વર્ષ **૪૨ અને ૪૩માં સ્નેહમિલન માટે શ્રી મહાકાળી માતાજીની ભાવના, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ તથા તપસ્વીઓનું બહુમાનના લાભાર્થી પરિવારોના નામની જય બોલાવવામાં આવી હતી. મંડળ દ્વારા એ પરિવારોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યુ હતું.**

શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીના શિરમોર કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર)એ કરેલ. ૪૧માં સ્નેહમિલનને સફળ બનાવવા વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સર્વે સભ્યોના સાથ-સહકારથી શ્રી મહાકાળી માતાજીની ભાવના, તપસ્વી બહુમાન, શૈક્ષણિક સન્માન, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ સહ સ્વામિવાત્સલ્યના કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ. આભાર સહ અનુમોદના... આ પ્રસંગે અમારા તરફથી કંઇપણ ભૂલચૂક થઇ હોય કે કોઇ પણ વ્યવસ્થામાં ખામી રહી ગઇ હોયતો અંતઃકરણ પૂર્વક મિચ્છામિ દુક્કડમ્!

**માનદ્મંત્રી - શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર) ડોંબિવલી, બુધવાર, તા. ૨૫.૧૦.૨૦૧૭**

# શ્રી ક.દ.ઓ. જૈન વસતીપત્રક સમિતિ, મુંબઈ

## જ્ઞાતિનું આઠમું વસતીપત્રક

તા. ૧૦મી સપ્ટે ૨૦૧૭ ના મુંબઈ મધ્યે યોજાવેલ સભામાં જ્ઞાતિના આઠમા વસ્તીપત્રકની પ્રોટો કોપી, સમિતિની વેબ સાઈટ www.kdovp.com ઉપર મુકવામાં આવી હતી જેમાં અત્યાર સુધી જ્ઞાતિજનોએ આપેલ માહિતીની વિગતો આમેજ કરવામાં આવેલ છે.

વેબસાઇટ તથા સ્માર્ટ મોબાઈલ ફોનથી આપ આપની વિગતો ચકાસી શકો છો. માહિતીની ફેરફાર કરવા માટે www.kdovp.com અથવા એપ ઉપર રજીસ્ટર થવાનું છે. પ્રકાશ સમીક્ષા, ફેસબુક, ટવિટર તથા ઘણા વોટ્સઅપ ગ્રુપ ઉપર શું તથા કેવી રીતે કરવું એના વિડિઓ તથા વિસ્તૃત વિગતો સમયાંતરે જાહેરાત કરેલ છે. કચ્છ, દેશાવરના મહાજનોને વિનંતી છે કે આપણા કાર્ય ક્ષેત્રમાં વસતા જ્ઞાતિજનોને તેમની વિગતો સુધારવા યંત્રણા ઉભી કરશો તથા પ્રોત્સાહન આપશો. હાલમાંજ કોચીન મહાજને ત્યાં રહેતા જ્ઞાતિજનો માટે એક દિવસનો કાર્યક્રમ રાખેલ હતો જે દરમિયાન kdovp ની ટીમ તેમની સાથે ઓન લાઈન સંપર્કમાં રહી હતી. આ માહિતીને સુધારવાની છેલ્લી તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૧૭ છે માટે સર્વેને તુરંત કાર્યવાહી કરવાની છે. પુસ્તકરૂપે કદાચ જ્ઞાતિનું આઠમું વ.પ. છેલ્લુંજ પ્રકાશન હશે. તો સૌને પોતાની વિગતો આ ઐતિહાસિક ગ્રંથમાં બરાબર અને પુરેપુરી માહિતી છપાય તે માટે સહકાર આપવા વિનંતી છે. છોકરો ૨૧ વર્ષ કે એનાથી મોટો થયો હોય અને છોકરી ૧૮ વર્ષ કે એનાથી મોટી થઈ હોય તેમની ઊંચાઈ, વજન ઇત્યાદિ વિગતો લગ્નોત્સુક પુસ્તક માટે જરૂરી છે.

વ.પ.ની વેબ સાઇટ તથા એપ ચાલુ રાખવા વાર્ષિક રૂા. ૫/૭ લાખનો ખર્ચ થાય છે. આ સગવડ હંમેશ માટે ચાલુ રહે તે માટે ફંડ ઉભું કરવા એવં કાગળ એવં પ્રિન્ટીંગના વધેલ ભાવ તથા જીએસટી ને કારણે વ.પ. છાપવાનો ખર્ચ વધી ગયેલ હોઇ, વ.પ. સમિતિની સભામાં ૬ પુસ્તક સમૂહના આઠમા વ.પ. માટે ટોકન ચાર્જ રૂા. ૩૦૦/- પ્રત્યેક સેટ દીઠ રાખવાનું નક્કી થયેલ છે. જેઓ પોતાનું નામ લખાવશે તેમને આ ૬ પુસ્તક સમૂહનું ૮મું વ.પ. સુંદર બોક્સ પેકીંગ સાથે મળશે. અને આ માટે વ.પ. સમિતિના, શ્રી અરિહંત બેન્કની મુલુન્ડ શાખાના ખાતા નં 002001002248 IFSC કોડ નં. ICIC00ARIHT (after ICIC it is zero zero) દ્વારા પૈસા NEFT / RTGS થી મોકલવા. તમારા પેમેન્ટની વિગત સાથે હાઉસ હોલ્ડ નંબર જણાવવું જરૂરી છે. દરેક ગામના મહાજન તેમના કાર્યક્ષેત્રમાં રહેતા જ્ઞાતિજનોનું સાથેજ બધી વિગત સાથે બુકીંગ કરશે તે સરળ રહેશે. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ પછી નામ જણાવનારને આ ટોકન ચાર્જ રૂા. ૧૦૦૦/- ભરવાનું થશે જે ૩૧મી જાન્યુઆરી ૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.

વ.પ.માં દરેક ગામની વિગત પહેલા તે તે ગામની વિગત છપાય છે. ઘણા સ્થાનિક મહાજનોએ પોતાના ગામની વિગતો મોકલેલ નથી. એક પાનામાં વિગત છાપવાની હોઇ તે પ્રમાણે મહાજનનું નામ, સરનામું, ટેલી, નં. અને પદાધિકારીઓના નામની સાથે જણાવશો. એક પાનાથી વધારે વિગત હશે તો વ.પ.વિ. સમિતિ પોતે જરૂરી વિગત સીમિત કરીને છાપશે. દરેક મહાજને રૂા. ૩૧,૦૦૦/-નો નકરો મોકલવાનો છે. જે મહાજન કોઈ પણ વિગત નહિ મોકલે કે તેમનું મહાજન જ ન હોય તો વ.પ. સમિતિ છેલ્લા વ.પ. મુજબ વિગતો છાપશે.

દરેક મહાજન / સંસ્થાની વિગત આપણા જ્ઞાતિજનોને એક સાથે મળી શકે અને તેઓ સંપર્ક કરી શકે તે માટે ''આપણી સંસ્થાઓ''નો ખાસ વિભાગ એપમાં ઉભો કરેલ છે. જેમાં મહાજન / સંસ્થાનું નામ, એમની વિગત તથા સરનામું, ઇમેઇલ, ફોન નં એવં પદાધિકારીઓના નામ, લિંક અને ફોન નં. સાથે પ્રકાશિત થશે. વર્ષમાં પાંચ વખત એમના નેજા હેઠળ થયેલા કાર્યક્રમની માહિતી ફોટા સાથે મફત આપી શકશે. આ સેવાનો નકરો રૂા. ૫,૦૦૦/- વાર્ષિક રહેશે.

વ.પ. જ્ઞાતિનું રજીસ્ટર છે. વ.પ.ને સંપૂર્ણ બનાવી રાખવા વ.પ. સાથે એપ દ્વારા જોડાઓ અને તમારા કુટુંબની બધી માહિતી અપડેટ રાખો. વ.પ. છાપવાનું કામ જાન્યુઆરી ૨૦૧૮ થી શરૂ થશે. તો જ્ઞાતિના પ્રિન્ટર કે આ કામ કરવાની ઇચ્છા હોય તેઓ kdovasti@gmail.com પર પોતાની વિગતો મોકલાવે કે જેથી તેમને પ્રિન્ટીંગ સાઇઝ, પેપર ક્વૉલિટી વગેરેની સર્વે માહિતી મોકલી શકાય જેથી એઓ પોતાનું ક્વોટેશન મોકલી શકે.

આ પ્રવૃત્તિ ચાલુ રાખવા ફંડની જરૂર હંમેશા રહેશે. અંતઃ જ્ઞાતિજનોને વ.પ.માં પોતાની/પોતાના વ્યવસાયની જા.ખ. આપવા વિનંતી છે. સભામાં દરેક એકમને પોતાના કાર્યક્ષેત્રમાંથી વધુમાં વધુ જા.ખ. મેળવવા વિનંતી કરાઈ હતી.

જેઓ જા.ખ. આપવા ઇચ્છે છે તેમને સંસ્થાના ફોન નં. 09167733603 દ્વારા અને ઇમેઇલ kdovasti@gmail.com પર સંપર્ક સાધવો. એકમ / દરેક મહાજન આ યજ્ઞમાં સહભાગી બને એવી અપેક્ષા સાથે.

**શ્રી ક.દ.ઓ. જૈન વસતીપત્રક સમિતિ**

# KDO Vasti Patrak - Verification of Your Family Data for Printing in 8th Vasti Patrak Book

Shri Kutchhi Dasa Oswal Jain Gnati Vasti Patrak Samiti (KDOVP) wishes to thank everyone who promptly updated family member's profile in the 1st phase of Data Updation by 15th October 2017. We are overwhelmed with the support shown by each one of you. However, there are numerous profiles which still need to be updated with the latest information. As a result, we are hereby extending the deadline for the 2nd Phase of Data Updation to 15th November 2017.

In case you have still not updated your Family data, we request you to update the same at the earliest. Minimum 1 person from a Family may register on www.kdovp.com or on KDOVP Android / iOS App. This registered member can verify entire Family data and in case of changes, submit necessary "Change Request".

In order to facilitate seamless viewing and verification of Your Own Family Data (Staying on Same Address) kindly read the entire email first and follow relevant instructions:

- Please fill / select relevant data on the web-page URL / Link: http://kdovp.commutree.com/VerifyBookData.aspx]
- To Confirm Data as Correct and permissible for Printing in KDOVP Book, select a Cell Number from the drop down list provided and Request OTP, Enter OTP and click on "Confirm OTP". Families staying outside India can call us on +919167733603 (10 am to 7 pm India Time) to confirm their details OR can send a confirmation email on kdovasti@gmail.com giving their VP No. and Family No. (emails received from Approved login IDs will only be considered)
- Any Changes required in the Data can be requested ONLY AND ONLY through the "Change Request" Option available onwww.kdovp.com / KDOVP Android App.

Note:

1. Link to download Help File for Registration, Login, Password Related matters - https://goo.gl/dqUNQ2 (English Version) /https://goo.gl/8euA2f (Gujarati Version)
2. Link to download Help File for Submission of Change Request - https://goo.gl/3pkwXe
3. To publish 8th Vasti Patrak in the Book Format, we will be giving priorities to the following "Change Request" submitted:
   - Full name
   - Official Surname
   - Address of residence
   - Education (All Students should update their current level of study. Others need to update last level of Study Cleared. Mentioning information like "Non metric", "Non graduate", etc. will be considered as Invalid Entries.)
   - Date of Birth / Death / Marriage
   - Telephone numbers
   - Engagement
   - Marriage related Details
   - Occupation
4. "Change Request" should be submitted latest by 15th November 2017 so that we can verify and approve requests at the earliest. Data as available on the cut-off date will be considered as Final for printing 8th Vasti Patrak in the Book Format.
5. There are multiple registration requests where members have still not verified their email ID. Furthermore, there are numerous Change Requests which need to be appropriately dealt with. To assist us in clearing in this task, we request each one of you to receive our call and co-operate with us to verify your details.
6. In case you are still facing any issues after following above instructions then kindly get in touch with KDOVP IT Team through Email :kdovasti@gmail.com / WhatsApp : +919167733603 / Twitter : https://twitter.com/kdovp. We will be more then happy to assist you and help resolve your queries.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1982...

Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

Mob.: 7666688881 / 7666622229





# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966**

જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા ના સર્વે દાતા, ટ્રસ્ટ, મહાજનો, સંઘો, શુભેચ્છકો, સહકાર્યકરો ને નૂતન વર્ષના અભિનંદન, શુભેચ્છા.**

## વાર્ષિક સહાયતા દાતા યોજના : દાતા નામાવલી

૫૪) **શ્રી પંકજભાઈ જવાહર દેવજી કુરૂવા**, ગોધરા-કાંદિવલી

૫૫) **કુ. શ્રેયા હિરલ હિતેશ શાહ**, સુથરી-થાણા

૫૬) **સ્વ. સૌ. તેજલબેન તલકચંદ શિયાલ (શાહ)**, જખૌ

## દાન સહાયતા

રૂા. ૬૬,૧૧૧/- **શેઠશ્રી હરખચંદ આર. ગાલા**, નવનીત ફાઉન્ડેશન, અમદાવાદ

ભુસા ગુ. ૫૦ કિંમત રૂા. ૩૨,૫૦૦/- **શેઠશ્રી શામજી ભવાનજી ઝવેરી**

### પ્ર.સ. અંક ૪૧ : વાર્ષિક સહાયક દાતાશ્રીની નામાવલીમાં ક્ષતિ સુધાર

ક્ર. ૨) શ્રી શાંતિલાલ મુલજી શિયાલ     ૪૨) શ્રી જેઠાભાઈ નરસી લોડાયા

**ક્ષતિ બદલ ક્ષમા**

લી. **શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા, ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા)

મો.: 93239 17075 ઈમેલ : mdkhona@hotmail.com

---

|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ||     || શ્રી શાંતિનાથાય નમઃ ||

પ્રથમ પહેડી રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ ના શુભારંભ થતા...

"શ્રી ગજોડવાલા નાગરજા સત્તો દાદા" ની પહેડી ૯ માં વર્ષમાં પ્રવેશ કરે છે... આવતા વર્ષે **'દશાબ્દી મહોત્સવ'** તરફ...

શ્રી લાલા-સાંધવ દંડ પરિવાર ભાવિકોમાં આનંદ ખુશી લહેરાઈ રહી છે...

# "શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા"ની નવમી પહેડી

**શ્રી લાલા - સાંધવ દંડ પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહ પરિવાર પહેડી-પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.**

**શુભ દિન : રવિવાર, તા. ૨૮-૧-૨૦૧૮ સવારનાં ૯ થી ૨ ક., મંગલ આરતી : ૧૨.૩૯ કલાકે**

**સ્થાન : આઈરીશ બેન્કેવેટ હોલ, પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડો.આર.પી.રોડ, જ્ઞાનસરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (પ),મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

## : લાભાર્થી પરિવારો :

શ્રી શામજી નરશી દંડ

શ્રી નવીનભાઈ હીરજી દંડ -વેરાવલ

શ્રી હિરાચંદ નરશી દંડ

શ્રી જયેશભાઈ મણીલાલ પ્રેમજી દંડ

શ્રી મણીલાલ પદમશી દંડ - ઈન્દોર

શ્રી ત્રિકમજી રાયશી દંડ હ. કલ્પેશભાઈ

શ્રી શાંતીલાલ વસનજી દંડ હ. હિતેષભાઈ

**સંગીત : શ્રીમતી ચેતના હરિયા એન્ડ પાર્ટી**

## વિશેષ કાર્યક્રમ

**❖ તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન ❖**
ધોરણ ૧ થી ૧૨ અને ગ્રેજયુએટ અને ઉપરના વિદ્યાર્થીઓનું (રીઝલ્ટ / માર્કસશીટ સાથે)

**❖ તપસ્વીઓનું બહુમાન ❖**
અઠ્ઠાઈ, અઠ્ઠાઈ થી ઉપરની તપસ્યા વરસીતપ અથવા અન્ય વિશિષ્ટ તપસ્યા

**❖ વડીલ વંદના ❖**
૭૦ વર્ષ થી ઉપરના વડીલોનું બહુમાન

**❖ લાભાર્થીઓનું બહુમાન ❖**

સંપર્ક : પ્રવિણભાઈ દંડ (લાલા) - 9821844144 ● મહેશભાઈ દંડ (સાંધવ) - 9323900739 ● સુર્યકાંત દંડ (લાલા) - 093221266602

|| જય શ્રી સચ્ચાઈ માં || **દર્શનાભિલાષી** : શ્રી શામજી નરશી દંડ (પ્રમુખ) શ્રી સુર્યકાંત હીરજી દંડ (ઉપપ્રમુખ) || જય શ્રી દેશરમા ||

**વિશેષ નોંધ** : શ્રી દાદાની શુભ ભાવના છે સૌ મારા બાલુડા સારી સંખ્યામાં આનંદપૂર્વક પધારે.

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) દાંતની કાળજી :** બહુ ગરમ કે બહુ ઠંડી ચીજો ખાવાથી દાંતને નુકશાન થાય છે. ઠંડા પીણા, સોડામાં સાકરનું પ્રમાણ ખૂબ હોય છે, સાકર અને એમાંની બીજી ચીજોને લીધે કેલશ્યમના હાડકાં, દાંતમાં જમા થવાની ક્રિયામાં વિક્ષેપ પડવાથી હાડકાં અને દાંત નબળા પડે છે. ચોકલેટ, ટોફી, માવા, કેક, પીપરમીન્ટ, આઇસક્રીમ જેવી ચીજો પણ દાંતને માટે નુકશાનકારક છે આ ચીજો દાંતને ચોંટી ઈનેમલને (દાંતનું ઉપરનું પડ) નુકશાન કરે છે. તમાકુ ખાનારાના દાંત પીળા પડી જાય છે અને પેઢામાંથી લોહી નીકળે છે. દાંતમાં કાંઈ ફસાયું હોય તો પાતળો દોરો (ફ્લોસીસ) નાખી કાઢો. શેરડીની મોસમમાં શેરડી અચુક ખાઓ. (ડાયાબીટીસ વાળાએ નહીં ખાવી) આનાથી પેઢાને કસરત મળશે અને દાંત મજબૂત થશે. કોપરું, અખરોટ, બદામ જેવી કડક ચીજો ચાવીને ખાવાથી પેઢાને કસરત મળશે અને દાંત મજબૂત થશે. દાંતની કેપ વાળા એ કડક ચીજો ખાવામાં સંભાળ રાખવી નહિં તો કેંપને નુકશાન થવાની પૂરી શક્યતા છે. ફળ અને લીલા શાકભાજી ખાવાથી દાંત નિરોગી રહે છે. બ્રશ કરતી વખતે બધા દાંત બરાબર સાફ થાય તે માટે યોગ્ય માપ અને બનાવટનું બ્રશ વાપરો. બ્રશને ડાબેથી જમણે ફેરવવાને બદલે ઉપરના દાંતને ઉપરથી નીચે અને નીચેના દાંતને નીચની ઉપર બ્રશ ફેરવવું, નહીં તો પેઢાને નુકશાન થાય છે. શક્ય હોય તો લીમડા, બાવળ કે વડવાઈનું દાતણ કરો તે ઉત્તમ છે. ટૂથબ્રશ પર વટાણા જેટલીજ પેસ્ટ લ્યો. બાળકોને પણ ખાસ એટલી જ પેસ્ટ આપો કેમકે બાળકો પેસ્ટ મીઠી હોવાથી ગળી જાય છે જે આરોગ્ય માટે નુકશાનકારક છે. સરસિયા કે તલના તેલમાં સહેજ મીઠું (સિંધવનમક સારું) કે લીંબુના રસના બે ત્રણ ટીપા મેળવી પેઢા અને દાંતની માલીશ કરો. તેનાથી પેઢામાં લોહીનું પરિભ્રમણ વધે છે. દાંત-પેઢા નિરોગી રહે છે, દાંત દુઃખતો હોય તો રાહત મળે છે. લીંબુના છાલના અંદરના ભાગને દાંત પર ઘસવાથી દાંત ચમકે છે. જામફળના કૂણાં પાન મળે તો થોડીવાર ચાવીને થૂંકી નાખવાથી દાંત સાફ થશે અને મોં ની દુર્ગંધ પણ દૂર થશે. ખાવાના સોડામાં લીંબુનો રસ ભેળવી દાંત સાફ કરવાથી દાંત ચમકી ઉઠે છે. થોડા થાડા દિવસે કોઈપણ તેલ (તલનું તેલ, સુરજમુખી કે રાઇનું તેલ) મોં મા લઈ (સિંધવનમક ઉમેરો) ૧૦-૧૫ મિનિટ આ કોગળો મોં મા ફેરવી થુંકી નાખવું (૨૦ મિનિટથી વધુ સમય ન રાખવું તેમજ ગળી પણ ન જવું કારણ આમાં શરીરમાંથી નીકળેલા ટોકસીન્સ હોય છે) આમ કરવાથી દાંત નિરોગી રહેશે. દુખતા દાંતનો દુખાવો મટશે અને શરીરના ટોક્સીન્સ શરીરની બહાર નીકળી જશે અને આરોગ્યને ફાયદો થશે.

**૨) રાતના વધેલા ભાત :** સામાન્ય રીતે રાતના વધેલા ભાત આપણે ફેંકી દઈએ છીએ. વાસી અન્ન ખાવાથી માંદા પડીએ એ હકીકત છે પણ વધેલા ભાત માટે આસામ એગ્રીકલ્ચર યુનિવર્સિટીએ એક અભ્યાસ કરેલ છે. રાત્રે ભાત ને માટીના વાસણમાં પાણીમાં પલાળી ઢાંકીને રાખવા (જૈન સમાજ પાણી ન વાપરતાં છાસ વાપરે છે) આમ કરવાથી ભાતમાં આથો આવી જાય છે. આ આથો આવેલા ભાતને વધારીને કાંદા કે દહીં સાથે ખાઈ શકાય છે. ૧૦૦ ગ્રામ ચોખા રાંધીએ તો એમાં ૩.૪ મી.ગ્રામ આયર્ન હોય છે આમ જેમને લોહીની ઉણપ (એનીમિયા) હોય તેને ફાયદો થાય છે.

**૩) ડાયાબીટીઝ, હૃદયનું સ્વાસ્થય અને બદામ :** ટાઈપટુ ડાયાબીટીઝ એટલે કે મોટી ઉમરનો ડાયાબીટીઝ (બાળકોને થાય તે ટાઈપ વન કે જુએનાઈલ ડાયાબીટીઝ કહેવાય છે.) આ દર્દીઓએ રોજ ખાવામાં બદામનો ઉપયોગ કરવો જોઇએ. હૃદયમાં લોહી લાવવા- લઈ જવાનુ કામ કરતી મુખ્ય રક્તવાહીનીઓના સ્વાસ્થમાં સુધારો થાય છે. ડાયાબીટીઝ ફાઉન્ડેશન ઇન્ડીયાના ડિરેક્ટર ડૉ. અનુપ મિશ્રા કહે છે કે હવે ડાયાબીટીઝ અમુક જ લોકોને થાય છે એવું નથી રહ્યું. આ બિમારીને કારણે મેટાબોલીઝમ (ચયાપચય)માં ગરબડ પેદા થાય છે જેના કારણે શરીરની તમામ મુખ્ય વ્યવસ્થાઓ પર અસર થાય છે. રોજ ૪ થી ૫ બદામ ખાવાથી રક્તવાહિનીઓ તેમજ મેટાબોલીઝમની સમસ્યામાં સુધારો થાય છે. ભારતિયોને ઇન્સ્યુલીન રેઝીસ્ટન્સ પેદા થવાનું અને ટાઈપ ટુ ડાયાબીટીઝ થવાનું જોખમ આનુવાંશિક રીતે વધારે છે. આને કારણે જ હૃદયની સમસ્યાઓ વધે છે. બદામમાં રહેલા જરૂરી ફેટીએસિડસ્ ને કારણે સાકરનું શક્તિમાં રૂપાંતર થવાની ક્રિયામાં મદદ થાય છે એટલું જ નહિં રક્તવાહિનીઓમાં રક્ષાકવચ તૈયાર થાય છે. જેને કારણે તેમાં પ્લાક (રક્તિવાહિનીઓમાં જમા થતો કેલશ્યમ, અશુદ્ધિઓ જેવો કચરો) થઇને નળીઓ સાંકળી અને કડક થવાનું જોખમ ઘટે છે. એટલે કે બદામ લેવાથી રક્તવાહિનીઓ નરમ રહે છે અને સાંકળી થતી નથી અને આમ હાર્ટએટેકનું જોખમ ઘટે છે.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**૪) ઉણોદરી અને આરોગ્ય :** આપણા વડીલો કહી ગયા છે કે પેટ ઉણું (પેટ થોડું ખાલી) રહે એટલું ખાવાથી સ્વસ્થ અને નિરોગી રહેવાય છે. આજ વાત આજે વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો પણ માની રહ્યા છે. અમેરિકાની 'બિગ હૅમ યંગ યુનિવર્સિટી'ના અભ્યાસીઓનું કહેવું છે કે રોજ થોડી ઓછી કેલેરી ખાવાથી (ઉણોદરી) ઘરડા થવાની પ્રક્રિયા ધીમી પડે છે અને લાંબી સ્વસ્થ જીંદગી મળી શકે છે. કોષોમાં રહેલા પ્રોટીન બનાવનાર રીબોસોમ્સ કોષો ધીમા પડે છે એટલે ઘરડા થવાની ક્રિયા પણ ધીમી પડે છે. રીબોસોમ્સની ઉત્પત્તી ધીમી પડવાથી એનું સમારકામ સારી રીતે થાય છે. શરીરમાં જ્યારે ક્યાંય પણ જખમ, નુકશાન થાય ત્યારે આ ખાસ પ્રોટીન આ જખમ-નુકશાન દૂર કરે છે. ઓછું ખાવાથી શરીરની આપ મેળે સમારકામ થવાની ક્ષમતા સુધરે છે. આમ આખું વર્ષ ઉણોદરી વધુ ફાયદાકારી અને આરોગ્યદાયક છે. (મોટી તપસ્યા કરવા કરતાં આખું વર્ષ ઉણોદરીને આપનાવવું વધુ આરોગ્યદાયી અને ફાયદાકારી છે.)

**૫) બ્રેડ, ચોકલેટ અને ચ્યુંઈંગમ :** આપણે જે ખોરાક ખાઇએ એનું પાચન થઈ પોષક તત્વો નાના આંતરડામાં શોષાઈને લોહીમાં ભળે છે અને આપણને શક્તિ, પોષણ અને રોગો સામે લડવાની શક્તિ મળે છે. જોકે બ્રેડ, ચોકલેટ, ચ્યુંઈંગમમાં છૂટથી વપરાતા ખાસ એડીટીવ અને કેમીકલ્સ્ નાના આંતરડાની પોષક તત્વો શોષવાની ક્ષમતા બંદ કરી દે છે. આ એડીટીવ છે ટાયટેનીયમ ઑક્સાઈડ. ઘણા લાંબા સમયથી આ એડીટીવ ખોરાકમાં વપરાય છે જેની ઘણી સાઈડ ઇફેક્ટ છે. અમેરિકાની બ્રિગહેમ યુનિર્વસિટીના પ્રોફેસરનું કહેવું છે કે ટાયટેનિયમ ઓક્સાઈડના અત્યંત સુક્ષ્મ કણો નાના આંતરડામાં આવેલ પોષક તત્વો શોષનારા ખાસ કોષોને બ્લોક કરીને એની કાર્યપ્રણાલી બગાડી દે છે. આ ઘટક-ટાયટેનીયમ ઑક્સાઈડ પેપર, પેઈન્ટ અને પ્લાસ્ટીકને સફેદ બનાવવા માટે વપરાય છે. ચોકલેટના ઉપરના પડને લીસું બનાવવા માટે, સ્કીમ્ડ મીલ્કને વધુ ઉજળું બનાવવા તેમજ ચ્યુંઈંગમ, મેયોનીઝ, બ્રેડ એમ લગભગ ૮૯ પ્રકારના સામાન્ય ખાદ્ય પદાર્થોમાં ટાયટેનીયમ ઓક્સાઈડ વપરાય છે. આથીજ બ્રેડ ચોકલેટ જેવી બજારૂ ખાદ્ય વસ્તુઓ આરોગ્યને નુકશાનકર્તા છે. ઘરના બનાવેલ ખાદ્ય ખાઈ આરોગ્ય જાળવીએ.

**૬) બટર :** સેન્ડવીચ, પાવભાજી જેવી વાનગીઓમાં બટરનો ઉપયોગ ખૂબ સામાન્ય થઈ ગયો છે. બટરમાં ટ્રાન્સફેટ અને સેચ્યુરેટેડ ફેટ ભરપુર માત્રામાં હોય છે. જેના કારણે એનું વધુ માત્રામાં સેવન કરવામાં આવે તો ડાયાબીટીઝ થવાનું જોખમ વધે છે. અમેરિકાની હાવર્ડ સ્કુલ ઑફ પબ્લિક હેલ્થના અભ્યાસીઓનું કહેવું છે કે જે લોકો વધુ માત્રામાં સેચ્યુરેટેડ ફેટ અને સાથે પ્રાણીજ ચરબી (ઈન્સફેટ) લે છે તેમને ડાયાબીટીઝ થવાનું જોખમ બમણું છે. વિવિધ પ્રકારની ફેટ-ચરબી ખાવાની આદત ધરાવતા લોકોમાં પાંચ વર્ષના અભ્યાસ દરમ્યાન ડાયાબીટીઝનું જોખમ નોંધવામાં આવ્યું હતું તેમાં રોજ ૧૨ ગ્રામ કે તેથી વધુ માત્રામાં બટર ખાનાર લોકોમાં ડાયાબીટીઝનું જોખમ બમણું નોધાયું હતું. 'હૉલ ફેટ યોગાર્ટ' ખાનારા લોકોમાં ડાયાબીટીઝનું જોખમ ઓછું હતું. ક્રોનીક રોગો (જુની બિમારીઓ)થી બચવું હોય તો પ્રાણીજ ચરબી અને સેચ્યુરેટેડ ફેટના સ્થાને વેજીટેબલ ઑઈલ લેવું વધુ હિતકારી છે. બજારૂ વસ્તુઓ બટર વગેરેમાં પ્રાણીજ ચરબી, ટ્રાન્સફેટ સસ્તી પડવાથી વધુ વપરાય છે. માટે બજારૂ બટર વગેરે આરોગ્યદાયી નથી.

## સ્વ. શ્રી દીપકભાઈ દામજી પોલડીયા (ભુસાવલ-ગોએરસમા) કે ભાવભીની માનાંજલિ

એમણે આપેલી સેવાઓ ખરેખર વંદનીય
પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે.
દીપકભા સેવાજી એવી જ્યોત જલાંયાં,
જેંજો ચારે કોર પ્યો પ્રકાશ;
ધિલ ખોલીને સેવા ક્યાં, જેંજી અજ મહેકે વડી સુવાસ.
વા આત્મીયતાથી છેલ્લો છેલ ભરેલા,
ને વરી હસમુખો આંજો સ્વભાવ;
અજોડ એવા આંજી સેવા, જેંમે ખામી ન હોઈ સાવ.
પારોલા જૈને સંઘજા વી-વી વરેથી;
પ્રમુખ રૈ સેવા ક્યાં ધરખમ
ધુલિયા વિદ્યાર્થી ગૃહજા ઉપ પ્રમુખવા,
ને માનદ્ મંત્રી વા મહારાષ્ટ્ર એકમ.
શાંતિનાથ દેરેજો ૧૫૦ વરેજો ઉત્સવ,
ઉજવાંયાં ને રંગ રખી ડીના છેક;
સમસ્ત મહાજનના ટ્રસ્ટીર્યાને, બૈયું સેવાંઉ ક્યાં અનેક.
ગામેગામજા અચલગચ્છ જે પ્રમુખેજો,
પારોલેમેં પાઘડી પેરાય ક્યાં બહુમાન;
રશ્મિન યેં ધન ભાગ્ય મુંજા જે મુંજોપણ
પારોલેમેં ક્યાં વા સન્માન.
સેવાજી હેવાસેં આયખો સજો, સેવામેં ક્યાં પસાર;
ધન્ય ! દીપકભાઈ સેવામેં સફળ ક્યાં માનવ અવતાર.
દશા નાતજા નામી રતન,
વરી ગોએરસમાજા ઈ નરવંકા,
અંઈત કુળને ગામજો નાં રોશન ક્યાં,
વજાય સેવાજા ડંકા.

**- રશ્મિન ખોના** (મુંબઈ)

## કેશવજી નાયક ફુવારા (ભાતબજાર)ની ગૌરવગાથા – ઍડ. ઉદયન લાલજી શાહ (મુલુંડ)

**શ્રી વીરચંદભાઈ કલ્યાણજી ધરમશી (નવી મુંબઈ) – ઉ.વ. ૮૨**



વિદ્વાન પુરાત્વવિદ અને સંશોધક તરીકે આ ક્ષેત્રમાં અગ્રિમ હરોળમાં લેવાતું એક નામ એટલે આપણા જ્ઞાતિજન શ્રી વીરચંદભાઈ કલ્યાણજી ધરમશી, જેમણે લગાતાર ૨૫ (પચ્ચીસ) વર્ષ સુધી એક પ્રોજેક્ટ ''ભગવાનલાલ ઈન્દ્રજી'' પર અતુલ્ય ખંત, ધીરજ અને ચોકસાઈથી સાતત્યપૂર્વક ઉંડું સંશોધન કરી પૂરું કર્યું અને પુરાતત્વ વિદ્યાના ઈતિહાસમાં દટાઈ ગયેલી અને ભૂલાઈ-ભૂંસાઈ ગયેલી આ મહાન વિભૂતિને વિશ્વ સમક્ષ પ્રકાશમાં લાવ્યા, તેમના પુસ્તક ''ભગવાનલાલ ઈન્દ્રજી : પુરાત્વ વિદ્યાના ભારતીય આદિ પુરૂષ'' દ્વારા.





આપણા જ્યેષ્ઠ જ્ઞાતિજન શ્રી વીરચંદભાઈ કલ્યાણજી ધરમશી, નવી મુંબઈ જુલાઈ મહિનામાં મુંબઈની ખૂબ જુની એશિયાટીક લાઈબ્રેરીમાં ૧૪૦ વર્ષ પહેલાંના અંકો અન્ય માહિતી માટે તપાસતા હતા ત્યારે આપણી જ્ઞાતિને લગતી અન્ય માહિતીઓ ઉપરાંત આપણા ઐતિહાસિક ફુવારા (ભાતબજાર) અંગેનો બૉમ્બે ગેઝેટમાં પ્રકાશીત થયેલ વૃતાંત તેમના ધ્યાનમાં આવ્યો. તેનું મોબઈલ દ્વારા ફિલ્માંકન કર્યું અને પ્રકાશ સમીક્ષાને મોકલાવ્યું. પ્રકાશ સમીક્ષા સમિતીના ભૂતપૂર્વ સભ્ય સ્વ. લાલજી નરપાર શાહ (સૉલીસીટર)ના સુપુત્ર ઍડ. ઉદયન લાલજી શાહ જેઓ વર્તમાન પ્રકાશ સમીક્ષા સમિતીના સભ્ય છે, તેમણે આ ફોટોગ્રાફસને મેગ્નીફાઈંગ ગ્લાસથી વાંચી, ડીક્ટેટ કરી પ્રકાશ સમીક્ષાના વાચકો માટે આપણા ફુવારાની ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ કરી છે.

જ્યારે પણ જ્ઞાતિજનો ''ફુવારા'' શબ્દનો ઉલ્લેખ કરે કે તરતજ આપણી આંખની સમક્ષ કલાત્મક, ઐતિહાસિક અને જાજરમાન ''ફુવારા''નું ચિત્ર ઉપસે છે, જે ૧૪૧ વર્ષથી જ્ઞાતિના ખમીરવંતા ઈતિહાસ અને દરિયાવ દિલના પુરાવા આપે છે. આ ફુવારો એટલે નરશીનાથા સ્ટ્રીટમાં શેઠશ્રી કેશવજી નાયકે સન ૧૮૭૫માં આપણા ત્યાં રહેતા જ્ઞાતિજનો અને બીજા નાગરિકોની વિનવણીથી, તેમની પાણી સમસ્યા દુર કરવા માટે બંધાવેલ ફુવારો.

આ ફુવારાનું ઐતિહાસિક મહત્વ આપણને ત્યારે સમજાય છે જ્યારે લગભગ ૧૪૧ વર્ષ પહેલાં તા. ૧૦ જાન્યુઆરી ૧૮૭૬ બ્રિટિશ રાજના રાજપત્રમાં આ ફુવારાનું ઉદ્ઘાટન તા. ૦૮-૧-૧૮૭૬ દિવસે ત્યારના રાજ્યપાલ સર વુડહાઉસના હસ્તે થયેલ તેનું સવિસ્તર વર્ણન નોંધવામાં આવેલ છે.

આ ફુવારો પોતાના ખર્ચે બાંધવા માટે શેઠશ્રી કેશવજી નાયકે બ્રિટિશ રાજ પાસેથી પરવાનગી મેળવી હતી. આ ફુવારાની જગ્યાએ પોલીસ ચોકી હતી. જે પરવાનગી મેળવી તોડી પાડવામાં આવી હતી અને ફુવારા સાથે થોડા દુરના સ્થાન ઉપર બાંધવામાં આવી. ફુવારો તથા પોલીસ ચોકી બાંધવાનો સમગ્ર ખર્ચ રૂા. ૨૧૦૦૦/- શેઠશ્રી કેશવજી નાયકે ભોગવ્યો. ફુવારા માટેની જગ્યા બ્રિટિશ રાજે મફતમાં આપી હતી. તે વખતની નરશી નાથા સ્ટ્રીટ ડોંગરી કુલી સ્ટ્રીટ તરીકે ઓળખાતી હતી.

આ સુંદર અને કલાત્મક ફુવારાની વાસ્તુ રચના (ડિઝાઈન) ત્યારની મુંબઈ મહાપાલિકાના એન્જીનીયર શ્રી વાલ્ટને તૈયાર કરી હતી અને ફુવારો તેમની દેખરેખ હેઠળ તૈયાર થયો હતો. આ ફુવારામાં ઢોરોને પણ પાણી પીવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તા. ૦૮-૧-૧૮૭૫ શનિવારના દિવસે ફુવારાના ઉદ્ઘાટન પ્રસંગે આખો રસ્તો સુંદર મજાના મંડપથી સજાવવામાં આવ્યો હતો. મંડપની છત ઠેકઠેકાણે ઝુમ્મરોથી શણગારવામાં આવી હતી.

મંડપમાં આખે રસ્તે લાલ જાજમ પાથરવામાં આવી હતી અને રસ્તાની બન્ને બાજુએ આમંત્રિતોને બેસવા માટે સુંદર કપડાથી સજાવેલ સોફાઓ રાખવામાં આવ્યા હતા. મુખ્ય દ્વારે ધજા ફરફરતી હતી. ગર્વનરશ્રીને બેસવા માટે સ્ટેજ બાંધવામાં આવ્યું હતું.

ફુવારાના ઉદ્ઘાટન સમારંભમાં ગર્વનર સાહેબ, મોટા બ્રિટીશ અધિકારીઓ, હાઈકોર્ટના જજ, મહાપાલિકાના કમિશનર, શ્રી દાદાભાઈ પિરભોય (મુંબઈ શેરબજારના સ્થાપક), શ્રી દાદાભાઈ નવરોજી જેવી સન્માનનીય અને પ્રસિધ્ધ વ્યક્તિઓ હાજર હતી. આપણી જ્ઞાતિ વતી ફુવારાના સખાવતી દાતા શ્રી કેશવજી નાયક તથા શ્રી નરશી કેશવજી હાજર હતા. (૧૪૧ વર્ષ પહેલાંના **બૉમ્બે ગેઝેટ**માં પ્રકાશિત વૃતાંત તા. ૧૦-૧-૧૮૭૬માંથી ટૂંકાવીને)

**OPENING OF THE KESSOWJEE NAIK DRINKING FOUNTAIN.**
**From Bombay Gazette 10-01-1876 (i.e. 141 years ago)**


OPENING OF THE KESSOWJEE NAIK DRINKING FOUNTAIN.

The handsome new drinking fountain in Doongree Coolie Street, a gift to the town by Mr. Kessowjee Naik, was formally opened on Saturday afternoon by his Excellency the Governor (Sir Philip Wodehouse.) Great preparations had been made for the occasion. Almost the entire length of Doongree Coolie Street, in which the fountain is situated, was roofed in with gaily coloured buntings, and formed a long narrow [illegible]. The whole floor of the street was covered with rich carpets and from the roof hung numerous handsome chandeliers. In front of the entrance was a large flag, stretching nearly across the street; and behind this was a raised dais, with a couch for the Governor. The dais and couch were both covered with rich Indian cloths, worked in crimson and gold. The Governor's couch faced downwards along the street and towards the fountain, and throughout the intervening space of several hundred yards handsomely upholstered sofas and chairs were ranged on either side of the central walk for the accommodation of visitors.

A large company assembled, consisting principally of wealthy native gentlemen, but with a good proportion of English gentlemen and ladies. Among those present we noticed the Hon. Mr. Rogers, the Hon. Mahomed Ali Rogay, the Hon. Rao Saheb Vishwanath Narayen Mundlik, the Hon. Becherdass Ambaidass, members of the Legislative Council, the Hon Mr. Justice Green, Mr. Pedder, Municipal Commissioner, Mr. Walton, Municipal Engineer, Mr. Hamilton Maxwell, Mr. Arbuthnot, Mr. and Mrs. [illegible] Maclean, Mr. [illegible] and Mrs. S. Blanchard, Mr. Barrow, Mr. and Mrs. Jno. [illegible]yan, Mr. Dadabhoy Hormusjee, Mr. Dhurumsey Poonjabhoy, Mr. Jairazbhoy Peerbhoy, Mr. Vizbhookundass Haribhoy, Mr. Moolje Sewjee, Mr. Ahmedbhoy Hubibbhoy, Mr. Dadabhoy Nowrojee, Mr. Vurjeevandas Madhowdass, Mr. Roogenathdas Gopaldas Mr. Mahomed Rowjee, Mr. Byramjee Jeejeebhoy, Mr. Byramjee Dadabhoy, and Mr. Cowasjee Manockjee Limjee.

H. E. the Governor arrived about a quarter to five, attended by his Aides-de-Camp, and Sir Frank Souter, Commissioner of Police. His Excellency was received at the entrance by Mr. Kessowjee Naik, Mr. Nursey Kessowjee, and Mr. Pedder, who conducted him to his seat on the dais. A band that was in attendance played the National Anthem, and all present stood up as the Governor entered.

Mr. Pedder then, according to the programme, gave the following description of the fountain and account of its object, and cost:—In the populous neighbourhood of Doongree Coolee street where we now stand, the want of a drinking fountain has been much felt for a long time past. Representations having been made to Mr. Kessowjee Naik by his caste people and others, he generously determined to supply this want by erecting, at his own expense, a handsome drinking fountain on a site which would be convenient to the residents of this district. With this view, he selected the site on which the fountain is now erected, as most suitable on account of its central position, being situated at the junction of the Doongree Coolie Street and the two Chinch Bunder Roads, and near the overbridges leading to the Elphinstone Estate. As this site was then occupied by a police chowkey, Mr. Kessowjee, early in the month

The Handsome new drinking fountain in Doongree Collie Street, a gift to the town by Mr. Kessowjee Naik, was formally opened on Saturday afternoon by His Excellency the Governor (Sir Philip Woodhouse). Great preparation had been made for the occasion. Almost the entire length of Doongree Coolie Street, in which the fountain is situated was roofed in with gaily colored buntings, and formed a long narrow____. The whole floor of the street was covered with rich carpets and from the roof hung numerous handsome chandeliers. In front of the entrance was a large flag, stretching nearly across the street; and behind this was a raised dais, with a couch for the Governor. The dais and couch where both covered with rich Indian cloth, worked in crimson and gold. The Governor's couch faced downwards along the street and towards the founding, and throughout the intervening space of several hundred yards handsomely upholstered so far as and chairs was arranged on either side of the central walk for the accommodation of visitors.

A large company assembled, consisting principally of wealthy native gentlemen, but with good proportion of English gentleman and ladies. Among those present the notice Hon'ble Mr. Rogers, the Hon'bleMahomedyen Mundlik, the Hon'ble Becherdas Ambaidass, members of the legislative Council, Hon. Mr. justice, Green. Mr. Peder, Mentionable Commissioner, Mr. Walton, Mentionable In Junior, Mr. Hamilton Maxwell, Mr. & Mrs. Bianchandra, Mr. Barrow, Mr. & Mrs. Jinabhoy Etc.

His Excellency the Governor arrived about the 4:45 p.m., attended by his Aides-De-Camp, and Sir Frank shouter, Commissioner of Police. His Excellency was received at the entrance by Mr. Kessowjee Naik, Mr. Nursey Kessowjee and Mr. Pedder, who conducted him to his seat on the dais. A band that was in attendance, played the national anthem, and all present stood up as the governor entered.

Mr. Pedder then, according to the program gave the following description of the founding an account of its object, and cost:- in the populous neighborhood of Dongree Coolie Street, where we now stand, the want of drinking fountain has been much felt for a long time past, three presentations, having been made to Mr. Kessowjee Naik, by his caste people and others, he generously determined to supply this want by erecting, at his own expense, a handsome drinking fountain on a site which would be convenient to the residents of this district. With this new, he selected the site on which the fountain is now directed, as most suitable on account of its central position, being situated at the junction of the Dongree Coolie Street and the two Chinch Bunder Roads, and near the over bridges leading to the Elphinatone Estate. At this site was then occupied by a police Chowkey, Mr. Kessowjee, early in the month of January 1873, applied to your Excellency's Government for the grant of the land, free of cost, for the purpose indicated; suggesting at the same time that the chowkey be removed to another place. Government was pleased to "accept Mr. Kessowaji Naik's public spirited offer with thanks, on the understanding that they were not called upon to incur any expense, and that the design for the fountain and tower were submitted for the approval of the Municipal Commissioner." Mr. Kessowaji having consented to these terms, the old chowkey was pulled down and a new one of approved and ornamental design was built, his expense, on a side much more convenient, near Musjid over bridge. To give up back to, one of the conditions imposed by Government, and considering that work was the benefit of the public, and was eventually to be in charge of the Municipality, it was considered best that our Executive Engineer, Mr. Walton for to whose professional skill and artistic tastes this city owes much, should prepare design. Both of the fountain and the Chowkey, and undertake the superintendents of the whole work. This he cheerfully did; the work was at once proceeded with, and complete at the total cost, inclusive of police station, of about Rupees Twenty One Thousand. The fountain your Excellency will observe is in the Hindu style of architecture with slight modification so as to admit of its having an English clock. The form is Octagonal, rising to a height of 50 feet and finished off with the dome and richly carved final. On either side of the front entrance to the fountain, Basin for the supply of water to animal have been placed and in the center

of the fountain, four feet above the ground level. The four ornamental basins have been built with spring's connected with the Vehar Main, the center of the fountain is reached by three flights of steps with figures of the bowl on the each flight. Over the front entrance brass relief of the liberal hearted donors in marble has been placed.. The structure, as your Excellency will observe, will serve as a drinking fountain in for men and bests and as a clock, and as such, it cannot but be a boon to the thickly populated neighborhood while it beautifies, at the same time this portion of the native town.

Mr. Pedder concluded by requesting his Excellency to formally open the fountain. The governors, attended by a number of gentlemen, accordingly, walked to the fountain, and inspected it, and turn on the tabs. After the opening, a photograph of the fountain with the governor, Mr. Kesowjee Naik, and one or two other gentlemen grouped on the steps, was taken by Mr. Ritter. On returning to the dais, his Excellency say:- Mr. Kesowjee Naik, I may now have pleasure of declaring this fountain to be open to use of the public. I feel greatly obliged to you for having invited me to be present at the ceremony; and I am also glad to take opportunity of explaining to you that it was not in my power to have requested, H. R. H. The Prince of Wales to take part in the ceremony, as you wished that he should do. I am perfectly aware that it would have given His Royal Highness much satisfaction to have had an opportunity of testifying his appreciation of the generous liberality which prompted you to offer this handsome gift for the use of the public; bus his engagements. Otherwise, were so numerous and so heavy that I did not put the request before him. That is the sole reason for it. I think that you are much to be commended, not only for your magnificence and liberality. You have shown in getting it out to the completion. Many people might have been deterred by the very alarming accounts which have been put forward, from time to time, respecting the quality of the water the Vehar supposed to give; but I am happy to think that you had courage and the predictions,- that you were quite satisfied that water was very good, and that it was at any rate, the best you were likely to obtain for many a long years to come.( Hear hear). I hope and trust that the view that you have taken may be accepted by the muscles of your fellow citizens in Bombay. What is wanted is not, I think, better water, but more of it (Hear hear); and every efforts that we can make it to produce that result must be beneficial. I trust the day will come when your example will be followed by many of your fellow citizens whom I see around me. I have again to thank you in the name of the public for your magnificent gift (Prolonged Cheering).

On behalf of the **Mr. Kesowjee Naik**
**Mr. Hamiltaon Maxwell Read the note of thanks.**

વીરચંદભાઈ ધરમશીએ બૉમ્બે ગેઝેટના સવા–દોઢ સદી પહેલાંના અંકોમાથી મેળવેલ ઉપરોક્ત માહિતી ઉપરાંત વેલજી માલુ (ઇ.સ. ૧૮૬૪), કચ્છના મહારાજા ખેંગારજી, કેશવજી નાયક (ઇ.સ. ૧૮૮૨), ખીમજી હીરજી કાયાણી (ઇ.સ. ૧૯૦૫), સર વસનજી ત્રિકમજી (ઇ.સ. ૧૯૧૧), મહાત્મા ગાંધીજી સાથે કોઠારા – કચ્છમાં શેઠ જેઠાભાઈ નરશી (ઇ.સ. ૧૯૨૫), ડૉ. પુનશી હીરજી મૈશેરી (ઇ.સ. ૧૯૧૩–૧૫), લખમશી હીરજી મૈશેરી, દામજી માવજી ખોના, ચાંપશી કુંવરજી, ખીમજી હીરજી કાયાણી, વસનજી સોજપાર (ઇ.સ. ૧૯૨૨માં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ), કલ્યાણજી વર્ધમાન જેતશી (ઇ.સ. ૧૯૩૭), ખેતશી ખીંયશી (સેન્ટ્રલ બેન્ક ઑફ ઇન્ડિયાના સ્થાપકોમાંના એક) જેવી વ્યક્તિઓ અંગે બૉમ્બે ગેઝેટમાં પ્રકાશીત માહિતી ઍડ. ઉદયન લાલજી શાહના સંકલીત પ્રયત્નોથી પ્રકાશ સમીક્ષાના આવનારા અંકોમાં પ્રકાશીત થશે જે વાચકો માટે રસપ્રદ બની રહેશે.

## જ્ઞાતિ આકાશના ચમકતા સિતારા શેઠશ્રી કેશવજી નાયક

શેઠશ્રી કેશવજી નાયકનું નામ આવે એટલે ભાતબજાર (મુંબઈ)માં આવેલો તેમના નામનો ફુવારો, કેશવજી નાયક રોડ તેમ જ ગિરગાંવ એરિયામાં આવેલી શ્રી કેશવજી નાયક ચાલ વગેરેની યાદો તાજી થયા. ઉપરોક્ત ચાલમાં શરૂઆતથી આજ દિવસ સુધી ગણેશોત્સવનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. વર્ષો પહેલાં એક ગુજરાતી સાપ્તાહિકમાં આ બાબત વાંચીને હું આશ્ચર્યચકિત થયેલો !

શ્રી વીરજી ગંગાજર મહોવરીએ લખેલા પુસ્તક 'હિલોળામાં શેઠશ્રી કેશવજી નાયકના જીવનની અમુક ઘટનાઓનું ટુંકમાં વર્ણન છે. લેખકના પિતાશ્રી (શ્રી ગંગાજરભાઈ) અને શેઠશ્રી કેશવજી નાયક એ બંને રૂના ધંધામાં ભાગીદાર હોઈ બંને કુટુંબો વચ્ચે ઘર જેવા સંબંધો હતા. લેખકશ્રી લખે છે, 'વેપાર વધતો ચાલ્યો હતો અને નાણાની રેલમછેલ થવા લાગી. સાર્વજનિક તેમ જ ધાર્મિક કાર્યોમાં પૈસાનો છૂટથી ઉપયોગ થવા માંડ્યો. શેઠશ્રી કેશવજી નાયકે કચ્છમાં રાજા પાસેથી જસાપુર ગામ મેળવી જ્ઞાતિજનોને એક જ સ્થળે વસાવવાના આશયથી બંગલા જેવું મોટું મકાન અને ભવ્ય દેરાસર બંધાવ્યું.'

'એ જ રીતે શેઠશ્રી એ પાલીતાણામાં શત્રુંજય તીર્થ પર બંધાવેલ ટુંક અને તેની અંજનશલાકા વેળા તથા મુંબઈના માંડવી લત્તામાં બંધાવેલા ફુવારા અને તેના ઉદ્‌ઘાટન સમયે પૈસાની છૂટથી અને ઉદાર હાથે ઉપયોગ કીધો હતો. એ વખતે શેઠ શ્રી કેશવજી નાયકની ગણના કરોડપતિમાં થતી અને રાજરજવાડા તથા સરકારમાં જનતાના સન્માનિત અગેવાન લેખાતા હતા.

તેમના શરીરનું વર્ણન કરતાં લેખકે એક કિસ્સો ટાંક્યો છે. 'શેઠશ્રી કેશવજી નાયકના શરીરનો બાંધો કદાવર અને ચહેરો બહુ મોટો હતો. માથા પર ચાંચવાળી મોટી પાઘડી ઘાલતા અને હંમેશા ચાર ઘોડાની ગાડીમાં બેસતા. એક વખત તેઓશ્રી વાલજી વર્ધમાન નામના સંબંધીને ત્યાં ગયા હતા. તે વખતે બેસવા સારૂ તેઓશ્રી માટે સારમાં સારી ખુરશી હોલમાં ગોઠવેલી હતી. શેઠશ્રી ૩૦૦ રતલના બેઠા કે ખુરશીના કુરચા થઈ ગયા ! તેમના કદાવર (સાથે ભારે) શરીરને કારણે તેમને દાદરા ચઢ-ઉતર કરવામાં તકલીફ થતી હતી. તેમની અંગ્રેજી શાસનમાં પણ પ્રતિભા તથા પ્રતિષ્ઠા કેવી હતી તેને પૂરવાર કરતો એક કિસ્સો મેં એક બુજુર્ગ જ્ઞાતિજન પાસેથી સાંભળ્યો છે. મુંબઈની એક કોર્ટમાં તેમના કારોબાર સંબંધી એક કેસ ચાલતો હતો. ઠરાવેલી તારીખે શેઠશ્રી કોર્ટ પહોંચ્યા. કોર્ટ પહેલા માળે હતી. શેઠશ્રીને દાદરા ચઢ-ઉતર કરવામાં તકલીફ થતી હતી તે હું આગળ જણાવી ગયો છું. જજ સાહેબને આ વાતની ખબર પડી. (તે વખતે જજ સાહેબ કોઈ અંગ્રેજી જ હોય એ સ્વાભાવિક છે) જજ સાહેબ શેઠશ્રીનું માન જાળવવા નીચે ઉતરી આવ્યા! આખી કોર્ટને ગ્રાઉન્ડ ફલોરના ઓરડામાં શિફ્ટ કરાવીને કાર્યવાહી શરૂ કરી ! અંગ્રેજી અમલદારો પણ શેઠશ્રીનો માન-મરતબો જાળવતા !

વળી શેઠશ્રી જ્યારે પોતાની બગી (ઘોડાગાડી)માં બેસીને કોઈ જેલની નજીકથી પસાર થતા હોય અને ત્યારે કોઈ કેદીને ફાંસીની સજા આપવાની વિધિ થવાની હોય તો તે ફાંસી મુલતવી રહેતી. તો મારી દૃષ્ટિએ અંગ્રેજી શાસનમાં આવું બહુમાન કોઈ અન્ય આગેવાનને મળ્યું હોય એવું મારા ધ્યાનમાં નથી. તેમના દેહોત્સર્ગના સમાચાર સાંભળીને હજારોનો પાલનહાર ગયો એવા અંતરના ઉદ્‌ગારો લોકોના મુખથી નીકળ્યા તથા મુંબઈની બધી બજારો બંધ રાખીને લોકોએ શોક પાળ્યો. સળંગ પાંચ પેઢી સુધી સુખ-સાહેબી અને સમૃદ્ધિ (ભલે વધતે-ઓછે અંશે) ટકી રહી હોય એવો શેઠશ્રીનો એક જ દાખલો મારા ધ્યાનમાં આવે છે.

તેમની યાદ અને માન મોભો જળવાઈ રહે એ માટે મહાજન અને અન્ય જ્ઞાતિ સંસ્થાઓ યોગ્ય કાર્યવાહી કરશે ?

**- શામજી પદમશી છેડા,** ગાંધીધામ


સળંગ ૫૦૦ આયંબીલ તપના આરાધક

શ્રી કમલેશ
વિશનજી લાપસીયા
દલતુંગી-મુલુંડ
ની ભૂરી ભૂરી અનુમોદના...



જૈન ધર્મનું અવિરત વહેતું ઝરણું એટલે
પ્રચંડ કર્મનિર્જરા કરાવતું અમૃત ઝરણું એટલે
આત્માને પવિત્ર કરતું પાવન તરણું એટલે
પરમાત્માના ચરણોમાં સ્થાન અપાવતું શરણું એટલે
આયંબિલ તપ...

આપના ગુણોના થાય ગુણાકાર...અનાદિ અનંત કર્મોના થાય ભાગાકાર...
આપનો થાઓ શીઘ્ર ભવથી ભવપાર... પરમાત્મા પાસે પ્રાર્થીએ એજ વારંવાર...

: અનુમોદક :

માતુશ્રી જયાબેન પુનશી લખમશી માલદે પરિવાર (દલતુંગી-મુલુંડ)




**દોઢ લાખનું રજત તોરણ !!**

પૂ. સા. શ્રી હિરગુણાશ્રીજી મ.સા. પણ અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરશ્રીજી મ.સા.ના અતૂટ અને અખંડ ૫૦ વરસી તપની અનુમોદનાર્થે ગુરૂ સમર્પિત ભાવે સ્વ સમજે દિક્ષાના ત્રીજા જ વરસે નિરાસક્ત ભાવે ''વરસીતપે'' તપી નિર્વિઘ્ને સુખદ પૂર્ણાહૂતી કરતાં માતુશ્રી જવેરબેન પદમશી ખોના હસ્તે સાંધવના અ.સૌ. મીનાબેન મણીલાલ ખોના (સંસાર પક્ષે સા. ભ. ના માતાપિતાએ) ઉચિત જપ-તપ દાન જીવદયા યાત્રા સા.ભ.ની વૈયાવચ્ચ સાથે ભાંડૂપના આદીશ્વર દાદા દરબારના દ્વારા એ તપની કાયમી સંભારણા રૂપ આકર્ષક દર્શનપ્રિય અને મનોહર શુધ્ધ રજતનું નવ અંકવાળું સાડા ત્રણ કિલોનું અષ્ટમંગલ તોરણ સકળ સંઘની હાજરીમાં લટકાવી સલુણાં શ્રાવકાચારને સાકાર કર્યો ! પૂજન, સ્વામી ભક્તિ આદિ સંસ્કારો પણ શણગાર્યા. હિતેચ્છુ શ્રાવક શ્રી કુમાર દંડના ઉચિત સૂચનને ઉછળતા ભાવે ખોના પરિવારે સ્વીકારી અમલ કર્યો. ધન્ય ભક્તિ, ધન્ય તપ ધર્મની સાંજી. ચાંદીના દોઢ લાખના તોરણે ઝૂકી તો જવાય ને ?

**- લહેરચંદ વેલજી મૈશેરી,**

# અશ્રુપૂર્ણ શ્રધ્ધાંજલિ



**જ્ઞાતિના લોક લાડીલા યુવા કાર્યકર**

**સ્વ. દીપકભાઈ દામજી પોલડીયા** - ઉ.વ. ૬૧

માતાના મઢ જાગીર (આશાપુરા) ત્યાં શ્રી કચ્છી દશા ઓશવાલ સમાજ ૧૨ રૂમની વીંગ માટે ૧૫ વરસમાં અમે ફક્ત રૂા. ૨.૫ (અઢી લાખ) ભેગા કર્યા બાકીના માટે દીપકભાઈ સાથે વાત કરતાંજ એમણે પુરા નામ સાથે એ માટે ફંડ ૬ થી ૮ માસમાંજ બધું કરાવી આપેલ. જે અમારા માટે અવિસ્મરણીય બની છે.

**પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને ચીર શાંતી આપે એજ પ્રાર્થના....**

લી. **મેઘજી ભાણજી શાહ પરિવાર**ની શ્રધ્ધાંજલિ

**દીર્ઘ દૃષ્ટાઓને સલામ**

બાળકોને બાળપણથી નાણાંકીય વિષયના ક ખ ગ થી પરિચિત કરવા આંતરરાષ્ટ્રીય નાણાકીય વિશારદે ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં શાખાકીય જીવનથી વિદ્યાર્થીઓને નાણાંકીય બાબતો અને પદ્ધતિથી રસ કરવા ખાસ હિમાયત કરી.

વિગતવાર વિસ્તૃત અહેવાલ વાંચી ૫૬ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિના શ્રી ખેતસી ચત્રભોજ ખીંયસી અજાણી સાથે શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાલયમાં ભણતર કાળનો જમાનો યાદ આવ્યો.

આજથી ૭૨ વર્ષ પહેલાં, ઈ.સ. ૧૯૪૫માં નગારા પીપુડી યા ઢોલ ત્રાસાના ખોટા દેખાડા વિના શાળાના આચાર્ય શ્રી સોલી પાવરી દીર્ઘ દૃષ્ટિ રાખી વિદ્યાર્થીઓને નાણાની લેવડ દેવડ અને સંચાલન વ્યવસ્થાનો આછો ખ્યાલ અને જાત અનુભવ થાય તે માટે શાળા સુધી સિમિત આંતરિક બેંકની ઘોષણા કરી. શાળાના શિક્ષકગણે પણ વિશેષ જવાબદારી અદા કરવા સ્વીકાર્યું. સોનામાં સુગંધ ભળી.

વિદ્યાર્થી અને વાલીઓને બેંકની વાત સાંભળી સુખદ્ આશ્ચર્ય થયું. સ્વયંભૂ સંમતિ મળી. જોતજોતામાં દર અઠવાડિયે બેંક કામ કરતી થઈ. પૈસા ભરવા સ્લીપ અને કાઢવા ચેક અને લેવડ દેવડનો હિસાબ દર્શાવતી પાસબુક મળી. અનુપમ યાદગાર અનુભવ રહ્યો.

શાળાના દીર્ઘ દૃષ્ટાઓને સલામ !

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

**પ્રથમ પારિતોષિક**



**કુ. મનાલી મનીષ લોડાયા**

શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલયમાંથી વર્ષ ૨૦૧૬માં ૧૨માં ધોરણમાં અભ્સાસ કરતી છાત્રાઓમાં સૌથી વધુ ગુણાંક (૮૦.૩૧%) મેળવનાર કુ. મનાલી મનીષ લોડાયા (મોટી ખાવડી) ડોંબિવલીને માતુશ્રી બાંયાબાઈ વેલજી ઉમરસી ધરમશી (સુથરી)ની પુણ્ય સ્મૃતિમાં શ્રીમતી દમયંતિબેન સનત શાહ - સાન દ્વારા રૂા. ૧૦૦૧/-નું પારિતોષિક ઈનામ આપવામાં આવ્યું છે.

આ ઈનામ દર વર્ષે ઉપરોક્ત ઉપલબ્ધિ બદલ શ્રીમતી દમયંતિ સનત શાહના પરિવાર દ્વારા અપાય છે.

।। શ્રી અંબા માતાય નમઃ ।।

## સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનાં છેડા ગોત્રનાં કુળદેવી શ્રી અંબામાતાની સમુહ પહેડી

સહર્ષ જણાવવાનું કે આ વર્ષની સમુહ પહેડીનું આયોજન સંવત ૨૦૭૪ કારતક વદ ૯ને રવિવાર, તા. ૧૨/૧૧/૨૦૧૭ના શુભ દિને કરવામાં આવેલ છે.

**આ પ્રસંગે સર્વે છેડા ગોત્રનાં ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.**

**કાર્યક્રમની આછી રૂપરેખા**

| | | |
|---|---|---|
| **માતાજીની છબીની સ્થાપના** | - | સવારના ૯.૧૫ |
| **ભક્તિ સંગીત** | - | સવારના ૯.૧૫ |
| **પહેડી પ્રસાદ** | - | બપોરના ૧.૧૫ |
| **ઉથાપન વિધિ** | - | બપોરના ૨.૩૦ |

**-: શુભ સ્થળ :-**

**સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

।। શ્રી શાંતિનાથ સ્વામીને નમો નમઃ ।।

## શ્રી સાંધવ નગરે.... ધ્વજા મહોત્સવે.... નિમંત્રણમ....

શ્રી સાંધવ તીર્થ મંડિત શ્રી શાંતિનાથ દાદાના જિનાલયની **૧૫૨મી ધ્વજારોહણ** નિમિત્તે સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને સં. ૨૦૭૪ મહાસુદ તેરસ ને **સોમવાર, તા. ૨૯-૧-૨૦૧૮** ના પધારવા ભાવભર્યું આમંત્રણ. ધ્વજારોહણ પ્રસંગે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવશે.

**ધ્વજારોહણ પ્રસંગે સાંધવ ગામે પધારનાર ભાવિકોની બધી વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવશે.**

લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતીથી**

**શ્રી શામજી નરશી દંડ**

પ્રમુખશ્રી



## શ્રધ્ધાંજલિ

**શ્રી દીપક દામજી શામજી પોલડીયા**

**(ગોએરસમા) ફૈજપુર - ભુસાવલ**

જન્મ : તા. ૧૪/૨/૧૯૫૬

અરિહંત શરણ : તા. ૧૭/૯/૨૦૧૭

સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિને સર્મપિત એવા અજાતશત્રુ સમાન અણમોલ રત્નશ્રી દીપકભાઈના દુ:ખદ અવસાનથી સમસ્ત ગોરંગ બાલુડો પોલડીયા પરિવારોએ (ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી, ડુમરા) પરિવારનો ઝાળહળતો દીપક બુજાતા માર્ગદર્શક અને હિતચિંતક મોભી ગુમાવેલ છે.

પરમ કૃપાળુ પરમાત્મા એમના પરિવારને આ અસહય આઘાત સહન કરવાની શક્તિ આપે અને દિવગંત આત્મા પરમાત્માની છત્રછાયામાં ચીરશાંતી પામે એવા સહદથી ભાવથી શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરીએ છીએ.

**લી. ગોરેંગ બાલુડો પોલડીયા પરિવારની સમિતિ વતીથી**

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા તથા**

**સૌ સમિતિ સભ્યો અને**

**સમસ્ત પોલડીયા પરિવારોની ભાવાંજલિ**

## ચતુર્થ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



જન્મ : તા. ૭-૧૦-૧૯૫૫

અરિહંત શરણ : તા. ૦૪-૧૧-૨૦૧૩

## શ્રીમતી વિજ્યા શાંતિલાલ દંડ

ડોંબિવલી - ભરૂડીયા

**ઘેઘૂર વડલાની છાયા જેવી તમારી મમતાની માયા...**

**અનુભવાતી રહેશે તમારા સ્નેહની સુવાસ સદાય...**

**પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એજઅભ્યર્થના...**

**❖ આપની સ્નેહ સ્મૃતિમાં ❖**

**ગં. રાજબાઈ પદમશી શીવજી દંડ પરિવાર (મુલુંડ)**

| | |
|---|---|
| માતા-પિતા | : સ્વ. ગંગાબાઈ પોપટલાલ જેતસી મોતા સહ - પરિવાર (ગોરખડી) |
| પતિ | : શ્રી શાંતિલાલ પદમશી દંડ (ભરૂડીયા - ડોંબીવલી) |
| પુત્રો-પુત્રવધુ | : સચિન - અનસુયા તથા અમિત |
| પૌત્રો | : મિહિર - આદિ |

॥ શત્રુંજય તીર્થ રક્ષક
શ્રી કપર્દી યક્ષાય નમઃ ॥

॥ ૐ હ્રીં અર્હં નમઃ ॥
॥ ૐ હ્રીં શ્રી આદિનાથાય નમઃ ॥
॥ ૐ હ્રીં શ્રી શત્રુંજય મહા તીર્થ નમઃ ॥
॥ ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ॥
॥ શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ સૂરીભ્યો નમઃ ॥
॥ અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી દેવ્યૈ નમઃ ॥

॥ શાસન સામ્રાજ્ઞી
શ્રી ચક્રેશ્વરી દેવ્યૈ નમઃ ॥





# શ્રી શત્રુંજય - જય તળેટી - ગુરુ ગુણોદય - સીનીયર સીટીજન નવાણું યાત્રા પર્વ

**તા. ૭/૧૧/૨૦૧૭ થી તા. ૧૪/૧૨/૨૦૧૭**
**કા. વ. ૪ થી મા. વ. ૧૨**

**દિવ્ય દૃષ્ટિ**
રાષ્ટ્ર સંત, ભારત દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.
સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.
શાસન પ્રભાવિકા પ.પૂ. સા.શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.

**આશીષ વૃષ્ટિ**
તપ ચક્રવર્તી સંઘ શિર છત્ર અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.

**મંગલ પુષ્ટિ**
● સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. ● સરળ સ્વભાવી પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.
● જ્યોતિષાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ● આગમાભ્યાસી પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા.

**નિમીત્ત તૃષ્ટિ**
તપચક્રવર્તી, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના ૫૧માં વરસીતપની સુદીર્ઘ તપસ્યા તથા આત્માનંદી પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા. તથા સદાનંદી પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. ના સુદીર્ઘ સંયમ પર્યાય નિમિત્તે...

**નિશ્રા સૃષ્ટિ**
સ્વાધ્યાય પ્રેમી નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિ. પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા.,
પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી યશઃપ્રભાશ્રીજી મ.સા. આદિઠાણા

**પ્રેરણા પુષ્ટિ**
પ્રવચન પ્રભાવિકા પૂ.સા. શ્રી યશોદયશ્રીજી મ.સા.

શ્રી શત્રુંજય ગિરિના સાનિધ્યમાં શ્રી ચંદ્રપ્રભુની શીતળછાયામાં સર્જાશે ૯૯ યાત્રાનો ભવ્ય માહોલ, આરાધનાની ઉછળશે છોળો. પ્રભુભક્તિથી તરબતર બનશે જીવન, ગિરિરાજ ઉપાસના થી જીવન બનશે ઉપવન...

**સંઘપતિ પરિવારો/દાતા પરિવારોનું ભાવે કરીએ અનુમોદન... સંપત્તિના અનુદાન થકી થયું છે આજે નવતર સર્જન...**

**અનુમોદના...** **સુકૃત શિરોમણી સંઘપતિ પરિવાર** **અનુમોદના...**

- માતુશ્રી નિર્મળાબેન કુંવરજી લાલકા પરિવાર (લાલા-વડોદરા)
- માતુશ્રી નલિનીબેન કુંવરજી જેઠાભાઈ ખોના પરિવાર (સુથરી-મુલુંડ)
- માતુશ્રી નેણબાઈ હીરજી ખીંયશી લોડાયા પરિવાર (મંજલ રે.-ડોંબિવલી)
- માતુશ્રી મધુરીબાઈ મેઘજી ગોવિંદજી છેડા પરિવાર (નલીયા-મુલુંડ)
- શ્રીમતી દર્શનાબેન રમેશ પુનશી છેડા પરિવાર (સુથરી-મુલુંડ)
- માતુશ્રી જયાબેન નરશી શામજી ધરમશી પરિવાર (નલીયા-મુલુંડ)
- શ્રીમતી નિર્મળાબેન પ્રફુલભાઈ ધનજી લોડાયા પરિવાર (મંજલ રે.-ભાંડુપ)
- માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા (સુથરી-વિક્રોલી)
- માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર (મોટી ખાવડી-ઘાટકોપર)
- માતુશ્રી ચંપાબેન હેમરાજ પુનશી મૈશેરી પરિવાર (જખૌ-હૈદરાબાદ)
- માતુશ્રી હીમાબાઈ પુનશી મુરજી છેડા પરિવાર (સુથરી-મુલુંડ)
- માતુશ્રી વેલબાઈ શામજી કરમશી લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)
- માતુશ્રી લક્ષ્મીબેન રતનશી નાગડા પરિવાર (તેરા-ઘાટકોપર)
- શ્રીમાન હંસરાજ દેવજી પદમશી ખોના (પટેલ) પરિવાર (મોટી ખાવડી)
- માતુશ્રી કાંતાબેન આણંદજી હીરજી ખોના પરિવાર (સાંધવ-ગાંધીધામ)

**સુકૃત સહાયક દાતા પરિવાર** **અનુમોદના...** **અનુમોદના...**

- માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા પરિવાર (કુવાપધર-હૈદરાબાદ)
- માતુશ્રી વાલબાઈ જેઠાલાલ લોડાયા પરિવાર (વારાપધર-વાશી)
- માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર (મોટી ખાવડી-જામનગર)
- માતુશ્રી તેજબાઈ વિશનજી છેડા પરિવાર (સુથરી-ડોંબિવલી)
- માતુશ્રી મહાલક્ષ્મીબેન લક્ષ્મીચંદ શામજી લોડાયા પરિવાર (નલીયા-મુલુંડ)
- માતુશ્રી વિજયાબાઈ દેવજી ધુલ્લા પરિવાર (કલકત્તા-સુથરી)
- અ.સૌ. હર્ષાબેન રાજેન્દ્ર કુંવરજી લાલકા પરિવાર (બાંઢિયા-નેત્રા)
- માતુશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)
- શ્રીમાન જેઠાભાઈ વીરજી દંડ પરિવાર (લાલા-અંકલેશ્વર)

**સુકૃત સર્જનની સુવર્ણ ભૂમિને સો-સો સલામ**

શેઠશ્રી નરશીનાથા ધર્મશાળાના ટ્રસ્ટીશ્રીઓ તથા શ્રી નવલ સોનરાય શ્રમણી વિહારના ટ્રસ્ટીશ્રીઓ તરફથી આ ૯૯ યાત્રા માટે ધર્મશાળા, શ્રમણી વિહાર **નિઃશુલ્ક** મળેલ છે. અહો ભાવે અનુમોદના.... ધબકતા હૈયે ધન્યવાદ - અંતરભીનો આભાર...

શ્રી આદેશ્વર દાદાની અનરાધાર અનુગ્રહ કૃપામાં ઓળ ઘોળ થવા. ગિરિરાજની ગૌરવપૂર્ણ ગરિમાની ગાથા ગાવા માટે આપ સૌનું સ્વાગત છે. મીઠડો આવકાર છે....

લી. **શ્રી શત્રુંજય જય તળેટી - ગુરુ ગુણોદય સીનીયર સીટીજન ૯૯ યાત્રા સમિતિના જય જિનેન્દ્ર**

# શ્રદ્ધાંજલિ



એમના હૃદયમાં સદાય દયા અને પ્રેમ વસતું,
એમના મુખેથી સદાય અમ્રતવાણી વહેતી,
એમના નેત્રોમાં સદાય વિનય ભાવ વર્તાતો,
એમના જીવનામાં સદાય જ્ઞાતિના
કાર્યો કરવાની પ્રેરણા ઝરતી હતી
એવા દિપકભાઈ પોલડીયાને...
શ્રધ્ધાંજલિ સુમન અર્પણ !!!

**સ્વ. દીપક દામજી પોલડીયા**
(ગોએરસમા) ફૈજપુર – ભુસાવલ
જન્મ : તા. ૧૪-૨-૧૯૫૬
અરિહંત શરણ : તા. ૧૭-૯-૨૦૧૭

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – ખામગાવ**

જય ''સી જી પીર'' બાપાયે નમઃ

## ''સી જી પીર'' બાપાની સમુહ પહેડી

ખોના કુળગોત્રના **''સી જી પીર''** બાપાનું સ્થાનક ખોના ફલીયા, નલીયા-કચ્છ મધે નમતા સૌ ખોના ભાઈયાતો તથા ખોના કુળગોત્ર ની નીયાણી બહેનોને જણાવવાનું જે **''સી જી પીર'' બાપાની સમુહ પહેડી** માગસર સુદ બીજ ને **તા. ૨૦-૧૧-૨૦૧૭ સોમવાર**ના સવારના શુભ મુહુર્તે સ્થાનકે ખોના ફલીયા-નલીયા મધે રાખવામાં આવેલ છે. નમતા સૌ ભાવિકો તથા નીયાણી બહેનોએ પહેડી પ્રસાદ નો લાભ લેવા વિનંતી.

**સ્થાનકે પધારનાર ભાવિકોએ ઉતારાની વ્યવસ્થા કરવા અગાઉથી ફોન કરવા વિનંતી.**

**સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| **લીતેશ હીરાચંદ ખોના** | ડોંબિવલી | - | 96194 93472 |
| **મધુબેન જેઠાલાલ ખોના** | ડોંબિવલી | - | 92248 99251 |
| **ફાલ્ગુન લખમશી ખોના** | ભાંડુપ | - | 98206 20499 |
| **ચીમનલાલ હીરજી ખોના** | માટુંગા | - | 98210 69255 |
| **ચેતન માણેકચંદ્ર ખોના** | ગોરેગાંવ | - | 93244 61894 |
| **લલીત કુંવરજી ખોના (માતાજીના ભુવા)** | ડોંબિવલી | - | 99204 03950 |

## સુખ, સ્વાસ્થ્ય અને સંબંધ – ભાગ ૧

સુખ, સ્વાસ્થ્ય અને સંબંધ આ શીર્ષક હેઠળના મારા આ થોડા ફિલોસોફી જેવા લેખના પ્રથમ ભાગમાં સુખને કેન્દ્ર સ્થાને રાખીને મારી સમજ પ્રમાણે રજુઆત કરેલ છે. સુખ એ એવી અનુભૂતિ કે સ્થિતિ છે જેને પામવા માટે મનુષ્ય હંમેશાં કે સતત પ્રયત્નશીલ રહ્યો છે. પણ ભાગ્યેજ કોઈ એવી વ્યક્તિ મળશે જે ખરેખર સુખી હોય કે સંપૂર્ણ સુખી હોય. કોઈ ફીલોસોફરે કહ્યું છે કે સંપૂર્ણ સુખ એ શાસ્ત્રોમાં જેનો ઉલ્લેખ હોય છે તે બત્રીશ લક્ષણા પુરુષ જેવું છે જે બહુ જ દુર્લભ હોય છે. આપણા વડીલો જ્યારે પણ આશીર્વાદ આપે ત્યારે એમ જ કહે કે ''સદા સુખી રહો'' (જ્યારે પરણિત સ્ત્રી માટે ''સદા સુહાગણ રહો'') એવા આશિષ વચન કહે છે. એટલે સુખની પ્રાપ્તિ એ કોઈ પણ મનુષ્યનું અંતિમ અને મુખ્ય લક્ષ્ય રહ્યું છે. કોઈ કોઇ ફિલોસોફર તો એમ પણ કહે છે કે સંપૂર્ણ સુખ એક ભ્રમણા છે અને તે એક પરીકલ્પના છે. કેટલાક લોકો તો એવું પણ માને છે કે સુખ એ એક પૂર્ણતઃ કાલ્પનિક સ્થિતિ છે. (Happiness is not only a state of mind but also an utopian state)

અગાઉ લખેલ છે તેમ સંપૂર્ણ સુખ એ બત્રીશ લક્ષણા પુરુષ જેવું છે એટલે કે આવા પુરુષમાં, શાસ્ત્રોમાં જે બત્રીશ લક્ષણો કે માપદંડ છે તેમાંથી કોઈ પણ એક લક્ષણ ઓછું હોય તો તે પુરૂષ બત્રીશ લક્ષણો નથી રહેતો. એવી રીતે સંપૂર્ણ સુખ પણ ઘણા બધા પેટાસૂખોનું બનેલું છે, અને આ બધા સુખો એક સાથે અને એક સમયે સાથે હોવા એ ખુબ જ દુર્લભ સ્થિતિ છે તેથી સંસારમાં સંપૂર્ણ સુખી વ્યક્તિ ભાગ્યેજ હોય છે. એટલે સંપૂર્ણ સુખની આદર્શ સ્થિતિ લગભગ અશક્ય હોવાથી એક બીજી વ્યવહારુ અને વાસ્તવિક સુખની સ્થિતિ દર્શાવવા માટે કહેવાયું છે કે પહેલું સુખ તે જાતે નર્યા જેના માટે અંગ્રેજી કહેવત છે health is wealth. એટલે કે સ્વાસ્થ કે આરોગ્ય એ કોઈ પણ વ્યક્તિ માટે અન્ય કોઈ પણ સુખની સરખામણીમાં એ પહેલા સ્થાન પર છે.

અંગ્રેજીમાં એક સુંદર વાક્ય છે happiness is a state of mind. મતલબ કે સુખ એ માનસિક સ્થિતિ છે. સુખ એ ખૂબજ જ જટીલ પરિસ્થિતિ છે અને તેની ચોક્કસ વ્યાખ્યા આપવી એ ખુબજ મુશ્કેલ છે. છતાં એક સર્વમાન્ય અને સ્વીકાર્ય વ્યાખ્યા કદાચ એ હોઇ શકે કે તમારી સર્વે જરૂરત અને અપેક્ષાઓ જ્યારે સંતોષાઈ જાય તે સ્થિતિમાં મનુષ્ય સુખનો અનુભવ કરે છે. મનોવૈજ્ઞાનિકો અને ફિલોસોફરોએ આ વિષય પર ગ્રંથો લખેલ છે પણ એક સામાન્ય માનવીના હિસાબે જ્યારે મનુષ્ય પાસે ધન, દૌલત, સ્વાસ્થ્ય, પરિવાર, શિક્ષણ, પ્રેમ, નામના કે કીર્તિ, અને સંતાન હોય ત્યારે તેને લાગે છે કે તે સુખી છે. પણ મનુષ્યનો નૈસર્ગિક સ્વભાવ જ એવો છે કે તેને ભાગ્યેજ જ સંતોષ થાય અને આ બધુ હોવા છતાં પણ તે સુખી ના પણ હોય. તેથી હોઇ મહાપુરુષે કહ્યું છે કે સંતોષી નર સદા સુખી, એટલે સુખ એ સંતોષ સાથે સંકળાયેલું છે. કોઈ સાધુ મહારાજે પણ આને મળતું આ રીતે કહેલ છે....

**''ગૌ ધન, ગજ ધન, ગોપી ધન ઔર, રતન ધન ખાન,**
**જહાં આવે સંતોષ ધન સબ ધન ધૂળ સમાન''.**

એટલે કે સંતોષ પણ સુખ પ્રાપ્તિનું એક મહત્વનું પરિબળ છે. આ સંબંધમાં જૈન ધર્મ સહીત મોટા ભાગના ધર્મો, સાધુ સન્યાસી ને સુખી માને છે કારણ કે તેમની જરૂરિયાત અને અપેક્ષા બહુજ મર્યાદિત અને અલ્પ હોય છે. કોઈ કહે છે કે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ સુખી હોય છે, જે ગમે તે પરિસ્થિતિમાં ના તો સુખી કે ના તો દુઃખી હોય છે તે નિર્લેપ હોય છે. નિર્મોહી હોય કે સ્થિતપ્રજ્ઞ હોય. ભગવાન મહાવીર બહુજ ભયંકર ઉપસર્ગો વચ્ચે પણ સમતામાં રહી શક્યા તો નરસિંહ મેહતા મૃત્યુ સમયે પણ એવું કહી શક્યા કે ''ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાલ''. એટલે સુખ એ કદાચ શારીરિક કે માનસિક નહીં પણ આધ્યાત્મિક સ્થિતિ છે. અને તે સ્થિતિ કે અવસ્થામાં પહોંચવાનું સામાન્ય મનુષ્ય માટે દુષ્કર છે તેથી ભાગ્યેજ કોઈ સુખી વ્યક્તિ જોવા મળે છે.

આપણા વડીલો ભલે આપણને આશીર્વાદ આપે કે સદા સુખી રહો પણ જ્યારે તમને કે મને કોઈ પૂછે કે ''કેમ છો?'' તો જવાબ મોટા ભાગ હોય કે ''મજામાં કે આનંદમાં''. કોઈને મેં એવું કહેતાં નથી સાંભળ્યો કે ''સુખી છું''. સૌરાષ્ટ્રવાસી (કાઠિયાવાડી) અને કચ્છીઓમાં વિનોદ વૃત્તિ વધારે હોય છે. તેવા કેટલાક મિત્રોનો જવાબ તો અદભુત હોય છે ''લીલાલહેર અને કાળી બળતરા''!!. સુખી પરિવાર માટે વપરાતો એક બહુ જ પ્રચલિત શબ્દ સમૂહ છે, ખાધે પીધે પરિવાર છે કે આર્થિક રીતે સુખી પરિવાર છે. મોટા ભાગના મનુષ્યોની માન્યતા છે કે આર્થિક સમૃદ્ધિ એ જ સુખ છે.

મજા કે આનંદ એ અલ્પ સમય માટે હોય છે જ્યારે સુખ એ પ્રમાણમાં વધારે સમય માટે હોય છે તેવું તારણ કરી શકાય. આનંદ કે મજા માણી શકાય જ્યારે સુખ કે દુઃખ (સુખ નો વિરોધાભાષી શબ્દ)એ અનુભવી શકાય. એક સામાન્ય મનુષ્ય માટે સુખના કેટલાક પ્રકારો જે બહુ જ પ્રચલિત છે તે છે સંપત્તિ સુખ, સ્વાસ્થ્ય સુખ, લગ્નસુખ, સંતાન સુખ, પરિવાર સુખ, કીર્તિ કે પ્રતિષ્ઠા સુખ અને સંતોષનું સુખ. આ યાદી માત્ર ઉદાહરણ માટે છે અને તે સંપૂર્ણ નથી.

સુખ માટે મને પુષ્પનું ઉદાહરણ બહુ જ યોગ્ય લાગે છે. સુખ એ એક પુષ્પ છે અને તેની અનેક પાંખડીઓ (પેટાસુખ) અખંડ છે, તેનો રંગ સુંદર છે અને તેની સુગંધ કે સુવાસ

(ખુશ્બુ) પણ ખુબ જ મનભાવન છે. કોઈ પણ પુષ્પ કે ફૂલ જ્યારે એક સાથે આ બધા ગુણો ધરાવે ત્યારે તે અદ્‌ભુત લાગે છે. પરંતુ કોઈ પણ પુષ્પ લાંબો સમય તાજૂં રહી નથી શકતું પણ તેની ખુશ્બુ ઘણા લાંબા સમય સુધી કાયમ રહે છે. એટલે ખુશ્બુ એ પુષ્પનું મુખ્ય આકર્ષણ કે અંગ છે. સુખના પરિપ્રેક્ષ્યમાં સુગંધ એ મનુષ્યનું આરોગ્ય છે. વધતી જતી વયના કારણે મનુષ્યનો દેખાવ કદાચ આકર્ષક ના લાગે પણ જો તેનું આરોગ્ય સારું હોય તો તે રોજબરોજના કાર્યો માટે આત્મ નિર્ભર રહે છે અને કોઈનો મોથાજ નથી રહેતો. કોઈ એમ પણ કહે છે કે તમે જ્યારે તમારી બધી ઈન્દ્રિયો દ્વારા મળતાં આનંદ ભોગવી શકો તો તમે સ્વસ્થ અને એ રીતે સુખી છો. એટલે જીવન માણી શકો તો તમે સુખી છો. અહીં ભોગ ને સુખ માનેલ છે કદાચ આ પશ્ચિમી દેશોની માન્યતા છે. જ્યારે આપણી માન્યતામાં ત્યાગ ને સુખ માનેલ છે. આ રીતે પહેલું સુખ તે જાતે નર્યા કહેવત યથાયોગ્ય લાગે છે.

આ સ્થળે એક યથાયોગ્ય વાત રજુ કરું છું. સફેદ રંગ એ ત્યાગ અને સાદાઈનો રંગ છે તેથી આપણા જૈન મુનિઓ સફેદ એટલે કે શ્વેત વસ્ત્રો ધારણ કરે છે. વિજ્ઞાને prism ની મદદથી પુરવાર કરેલ છે કે સફેદ રંગ અન્ય સાત રંગોના પ્રમાણસર મિશ્રણથી બને છે. આપણને નરી આંખે આ વાત માનવામાં ના આવે. સુખ પણ આ સફેદ રંગ જેવું છે તેના માટે અન્ય સાત પેટા સુખોનું પ્રમાણસર મિશ્રણ થવું જરૂરી છે જે ભાગ્યેજ બને તેથી સંસારમાં કોઈ પણ મનુષ્ય ભાગ્યેજ સંપૂર્ણ સુખી હોય છે. સમાજશાસ્ત્રીઓ માને છે કે અસંતોષ એજ મનુષ્ય જાતિની પ્રગતિનું કારણ અને પ્રેરકબળ છે અને જ્યારે મનુષ્યને કોઈ જરૂરિયાત ના રહે ત્યારે તેને વૈરાગ્ય આવી જાય છે અને તે બધું જ છોડીને સાધુ બની જાય છે. ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધ આ માન્યતાના ઉદાહરણ છે. આમ વૈરાગ્ય એ સુખની પ્રાપ્તિ માટેનું દ્વાર માની શકાય અને સન્યાસ તે માર્ગ પર પ્રયાણ છે. સુખ માટે કેટલાક સંતો અને ફિલોસોફરો એમ પણ કહે છે કે, સુખ તો મનુષ્યની અંદર જ છુપાયું છે પણ કસ્તુરીમૃગની માફક આપણે તેને બહાર શોધવા ફાંફાં મારીએ છીએ. તો કોઈ તત્વજ્ઞાની એમ પણ કહે છે કે સુખ એ ઝાંઝવાના જળ (મૃગજળ) જેવું છે જેને પામવા મનુષ્ય દોડી દોડીને થાકી જાય છે પણ તેને પ્રાપ્ત કરી શકતો નથી આ બધી તાર્કિક વાતો છે.

અગાઉ લખેલ છે તે પ્રમાણે સુખ એ કદાચ શારીરિક કે માનસિક નહીં પણ આધ્યાત્મિક સ્થિતિ છે. અને તે સ્થિતિ કે અવસ્થામાં પહોંચવાનું સામાન્ય મનુષ્ય માટે દુષ્કર છે તેથી જ સુખી મનુષ્ય દુર્લભ છે. કોઈ કોઈ મહાત્માઓ સુખ ને પુણ્ય સાથે જોડે છે અને તેમનું માનવું છે કે પુણ્યના બળે મળે છે. અને પુણ્ય કમાવા માટે ધર્મ કરવું જરૂરી છે તો કોઈ સુખને ભાગ્ય સાથે જોડે છે.

સામાન્ય મનુષ્ય માટે આનંદ, પ્રમોદ, મોજ, મઝ્ઝા, મનોરંજન, મસ્તી, ઐશ્વર્ય, પ્રસિદ્ધિ, સિદ્ધિ, પ્રશંસા, કીર્તિ અને માનસન્માન એ બધા સુખ છે ભલે તે અલ્પજીવી કે ક્ષણિક હોય. એમનું માનવું છે કે જ્યારે જીવન જ અલ્પ છે તો શાશ્વત સુખ માટે શા માટે વલખાં મારવા. જેમ રેડીમેડ કપડાવાળા દુકાનમાં મોટા અક્ષરે પાટિયું મારે છે કે ફેશનના જમાનામાં રંગ અને સિલાઈની કોઈ ખાતરી નથી. એટલે સામાન્ય મનુષ્ય વૈચારિક કે કાલ્પનિક નહીં પણ વાસ્તવિક અને વર્તમાન અનુકૂળ સ્થિતિને જ સુખ માને છે. સુખની વ્યાપક અને લગભગ સર્વમાન્ય તથા વર્તમાન સમયમાં બંધબેસતી વ્યાખ્યા કે સ્થિતિ માટે એક મુસ્લિમ અંધ ફકીરે ટ્રેનમાં ભીખ માગતાં જે વાત કે દુઆ કરેલ તે મને ખુબ જ યથોચિત લાગે છે જેને ટૂંકાણમાં આ પ્રમાણે રજુ કરું છું ''આપ કભી મોથાજ (મજબુર કે લાચાર)ના બને, આપકી આમદાની (આવક) આપકે ખર્ચે સે જ્યાદા રહે ઔર ખુદા આપકી કમાઈમેં બરકત દે'' આ વિષય પર અલગ અલગ મત, મંતવ્ય અને માન્યતાઓ હોઈ શકે છે. ( ક્રમશઃ)

**– પ્રવિણચંદ્ર શામજી શાહ (ધરમશી)**

**મુંજો – કચ્છડો !**

કચ્છ જે ગામડે – કેતરો સોખ આય
ઓત માડુએં જો મન વડો આય
મેમાણે કે મીઠો આવકાર આય
ને પેરોજો મોરલેજો ટહુકાર આય
ઘરમેં ગોયું – મેયું જો વાસ આય
દુધ, ઘી ને છાયજી સુવાસ આય
બાજરજી માની ને ગોવાર ફરીએંજો શાગ આય
દિં ઓલંઘે ખીચડી – કડી જો સ્વાદ આય
ઘરજા દુઝાણા અંઈ, ને ખેતર જો મોલ આય
હવાપાણી ચોખ્ખા અંઈ અંગ મેં મોડસાઈ આય
સીખર તેં મોરલા અંઇ ત ચબુતરે કબુડા અંઇ
તરામેં નીવ અંઇ ત બાગએં મોલ ઓભા અંઇ
ચોકમેં મેડાવડો અય ત ગામમેં શાંતિ આય
દેરે આરતીનો ઘંટારવ ત મસ્જીદ મેં પ્રાર્થના આય
ન પ્રદુસણ ન ઘોંઘાટ ન ટ્રાફિક
ન હોટલ ન થીયેટર, સાંજ પે ગામજી બાર લટાર
માડુંએ મે પ્રેમ આય,
હેડો મુંજો 'મેઠડો' કચ્છડો આય
જેતે શાંતિ જ શાંતિ આય

**– શાંતિલાલ રામજી લાલકા**, હુબલી

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ વડોદરા ખાતે ચાતુર્માસ પ્રવેશ

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ વડોદરાના પુણ્યાઈ થી પરોપકારી વાત્સલ્ય મુર્તિ પૂ. સા. હંસાવલીશ્રીજી મ.સા., તપસ્વી પૂ. સા. હર્ષશીલાશ્રીજી મ.સા., મધુર ભાષી પૂ. સા. ચંદ્રશીલાશ્રીજી મ.સા., પૂણ્યશાળી સુમધુર સ્વર ધરાવતા પૂ. સા. વિતરાગશીલશ્રીજી મ.સા., અને આપણા સાથે સતત ઉર્જા થી પૂલકિત કરનાર પૂ.સા. ચૈત્યશીલાશ્રીજી મ.સા.નું ચાર્તુમાસ પ્રવેશ ઢોલ-શહેનાઈ-બગી-બાંધણી ગહુલી-બેડા સાથે શ્રાવિકાઓ અને સાફા-પછેડી થી શોભતા શ્રાવકો સાથે દશાઈના ગૌરવ નો નઝારો નોંધપાત્ર બન્યો.

આમ ૨૬-૬-૨૦૧૭ના રોજ અભુતપુર્વ અદ્‌ભુત તપ અને દાનનો અનેરો સંગમ કરાવનાર ચાર્તુમાસ પ્રવેશનો દિવસ શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા ના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં કંડરાઈ ગયો. બહાગામથી પધારેલા વિવિદ મહાજનના શ્રેષ્ઠીઓ અને માનવંતા મોંઘેરા મહેમાનોની ઉપસ્થિતિ સાથે ભક્તિરસ સભર દાનનો પ્રવાહ તથા ગુરૂ ભગવંતોના મુખે જિવાણીનું રસપાન કર શ્રી સંઘમાં અનેરો હર્ષોલ્લાસ વ્યાપેલો છે. શ્રી ક.દ.ઓ. જૈન સમાજમાં છેલ્લા ૪૦ વર્ષ થી સમાજીક ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યો ઉજવાય છે અને સમાજની યુવા પાંખનો એમા નોંધપાત્ર સહયોગ રહ્યો છે. યુવા મંચના પ્રમુખ તરીકે શ્રીમતી વિણાબેન સમીત ખોનાની વરણી થતા યુવાનોમાં એક અનેરો ઉત્સાહ દેખાયો છે. શ્રી મહાવીર જન્મ કલ્યાણક રેલીમાં જીવદયા વિષય પર રથ તૈયાર કરી જૈનેતર વડોદરા વાસીઓને ૧૦,૦૦૦ જુવારના પેકેટની વહેચાણી કરી વરઘોડામાં સમાજના યુવક-યુવતીઓ એ કચ્છી દાંડીયા મટુકડી દ્વારા જબરદસ્ત આકર્ષણ જમાવ્યું.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - વડોદરા - શૈક્ષણિક કાર્યક્રમ

ગુજરાત ડેની ઉજવણી થઈ હતી, જેમાં વડોદરા સંઘ રત્ન શેઠ શ્રી રાજેશ કાંતીલાલ મોતાના જીવન-તરંગ સાથે અનોખા અંદાજમાં ડીઝીટલ શ્રદ્ધાંજલિ આપવામાં આવી - દર વર્ષે અપાતા શૈક્ષણિક ઇનામો માટે સ્પેશિયલ એક શામ બચ્ચોકે નામ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં કાયમી દાતા માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવારના શ્રી નિશીથભાઈ, શ્રીમતી અનુપ્રિતા અને ચિ. મલ્લિકાએ પ્રોગ્રામની શરૂઆત કરી ગુજરાત રાજ્યના મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રીવેદીની ઉપસ્થિતીમાં બાળકોને શૈક્ષણિક ઇનામો તથા ચી. ક્રીશા સમીત ખોના ને કરાટે અને સ્વીમીંગ ક્ષેત્રે ગુજરાત સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરવામાં આવ્યા. દાતાઓના સહયોગથી આ વર્ષે પણ સમાજના ૭૦ વિદ્યાર્થી ઓને ૨૫૦ ડઝન નોટબુક-ચોપડા-કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ વડોદરા જી.એસ.ટી સેમીનાર

શ્રી ક.દ.ઓ. જૈન સમાજના વેપારી-મેન્યુફેક્ચરીંગ યુનીટ ધરાવતા ભાઈઓ-બહેનો માટે ભારત સરકારના નવા કાયદા જી.એસ.ટી.ની લાક્ષણીકતા તથા ઇમ્પલીમેન્ટ પર એક સેમીનાર રાખવામાં આવ્યું જેમાં સમાજના સી.એ. શ્રી ચન્દ્રેશ પદમશી છેડા એ દરેક મુદ્દા પર કઈ રીતે નવા કાયદા સાથે વેપાર ધંધા રોજગાર ને સરળતાથી ચલાવી શકાય તેની ઉંડી સમજ આપી. ઉપરોક્ત સેમીનારમાં ૮૦ વ્યક્તિઓ એ હાજરી આપી.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ વડોદરા દ્વારા પુરગ્રસ્તોને એજ્યુકેશનલ કિટનું દાન

ગુજરાતના બનાસકાંઠા માં કુદરતી આફત પુરની પરિસ્થિતી વખતે વડોદરા કલેક્ટરશ્રી ને રાહત નિધિ કોશમાં એજ્યુકેશનલ કિટનું દાન આપવામાં આવ્યું.

### ચૌલા કુરૂવા લિખિત પુસ્તક હેપીનેસ

પુસ્તક હેપીનેસ, લેખક ચૌલા કુરૂવા, પ્રકાશક પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન, સંપર્ક: 9913012120 ઈમેલ- chaulakuruwa@gmail.com ફી ૬૦/-. ebook આયોજન છે. eshabda.com પર ઉપલબ્ધ છે.

પુસ્તક વિશે : સો કોઈને સુખ જોઇએ છે. બધા સુખ મેળવવા પ્રયત્ન કરે છે અને સુખને દુર પણ કરે છે. આપણી અપેક્ષાઓ અને ઇચ્છાઓ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ સુખ પણ દુર થતું જાય છે. આજે સુખી થવા માટે ઘણા સુખ સુવિધાના સાધન વિકસી રહ્યા છે.

સુખ શું છે અને તેને પ્રાપ્ત કરવા શું કરવું જોઇએ ? એટલેકે સુખી થવા શું કરવું પડે એ માટે નાની પણ સમજણ આપતી


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

અને પ્રેરણા આપતી આ પુસ્તીકા વસાવવા લાયક, વાંચવા લાયક અને ભેટમાં આપવા લાયક છે. લેખિકાનું આ ૧૦ મુ પુસ્તક છે. ઉપરાંત મોર્નિંગ વોક પુસ્તક પણ ebook તરીકે ઉપલબ્ધ છે. તાજેતરમાં 'એવરગ્રીન રહો'ની સાથે જ આ પુસ્તક 'હેપીનેસ'નું પ્રકાશન કરવામાં આવ્યું છે.

**શ્રી આશાપુરા માતાજી બાયઠ**

ઉપરોક્ત સ્થાનકે બાયઠ ગામના પોલડીયા પરિવારના કુળદેવી માં આશાપુરા માતાજીના મઢુલી (મંદિર) એ ૪-૧૧-૨૦૧૭ શનિવાર (કાર્તિક પૂર્ણિમાં) ના ચઢતા પહોરે હાજર ભાવિકો દ્વારા પહેડી-પ્રસાદ જુહારયા બાદ શિખરે ધ્વજા ચઢાવવા (ફરકાવવા)માં આવશે. આ પ્રસંગ સંગાથે શ્રી મોમાઈ માતાજીના મંદિરે એ ઉપર મુજબનું વિધી-વિધાન રહેશે. જે વેળા ભાવિકોને પધારવા વિનંતી કરાઈ છે.

સંપર્ક : નિલેશ મેઘજી પોલડીયા - 09925853680, વેલજી લાલજી પોલડીયા - 09979151589, કેતુલ વિરચંદ પોલડીયા - 09833660353 તથા યોગેશ હીરાલાલ પોલડીયા - 09869338808.

**વતનના વહેણ : કચ્છી સાહિત્ય અકાદમીમાં ત્રણ સર્જક સમાવાયા**

રચાયાના અમુક વરસો બાદ લગભગ નિષ્ક્રિય થઈ ગયેલી કચ્છી સાહિત્ય અકાદમીમાં ગત ૧૬મી ઓક્ટોબરના રાજ્ય સરકારે ત્રણ કચ્છી સાહિત્ય સર્જકોનું માર્ગદર્શક મંડળ રચતાં હવે કચ્છી સાહિત્ય અકાદમી પણ સક્રિય થાય અને કચ્છી ભાષા, સાહિત્યનું વધુ સંરક્ષણ-સંવર્ધન થાય તેવા સંકેત મળી રહ્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને સંલગ્ન અકાદમીઓમાં સમાવિષ્ટ કચ્છી સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે ઉપસચિવ જિતેન જોશીએ રાજ્યપાલના આદેશથી ત્રણ કચ્છી સર્જકો ગૌતમ શાંતિલાલ જોશી, ડૉ. કાંતિલાલ ગોર 'કારણ' અને નારાયણ જોશી 'કારાયલ' ને સભ્યપદ પાંચ વર્ષ માટે સમાવ્યા છે.

આ ત્રણ પરામર્શક મંડળના સભ્યો ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણ અને નિયમોમાં થયેલી જોગવાઈ અનુસાર કાર્ય કરશે. પાંચ વર્ષ માટે એકાદમીને માર્ગદર્શક મંડળ મળી જતાં અને ખુદ રાજ્યપાલ દ્વારા આ નિમણૂક થતાં કચ્છી સાહિત્યજગતમાં પણ આનંદનું મોજું ફરી વળ્યું છે. આ અકાદમી રચાઈ ત્યારે કચ્છમિત્રના પૂર્વ તંત્રી કીર્તિભાઈ ખત્રી પ્રથમ અધ્યક્ષ બન્યા હતા., ત્યારબાદ અધ્યક્ષપદ ખાલી છે અને અકાદમી ગુજરાત સાહિત્ય અકાદમી જોડે સંલગ્ન છે.

જે ત્રણ સાહિત્યકારોને પરામર્શ સમિતિમાં સમાવાયા છે એ ત્રણેયનું કચ્છી સાહિત્ય સર્જન ક્ષેત્રે આગવું યોગદાન છે. ગૌતમ જોશી સૌથી વધુ કચ્છી ભાષી પુસ્તકો આપનારા સર્જક છે. તેમનું સાહિત્યના તમામ ક્ષેત્રમાં જોડાણ છે. ડૉ. કાંતિ ગોર કચ્છ યુનિ.ના કુલપતિ રહી ચૂક્યા છે જ્યારે નારાયણ જોશી 'કારાયલ' કચ્છી પાઠવલિના માધ્યમથી ભાષાની આગવી સેવા કરી રહ્યા છે.

**શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ છે. તેમજ શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદથી દર બુધવારના ગરીબોને ભોજન કરવવામાં આવે છે. કાયમિ તિથિના દાતાઓના નામ: ૧) ગંભીરદાસ છોટાલાલ જોશી (શિઓર), ૨) ઉમરશી ભાણજી પોલડિયા (નાગપૂર-હસ્તે : ગુલાબભાઈ આશરિયા લોડાયા - અંકલેશ્વર), ૩) માતુશ્રી જયાબાઈ નરશી ધરમશી (મુલુંડ - પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પુણ્ય તિથી નિમિત્તે, ૪) દિનેશભાઈ ભવાનજી ગોસર (હૈદરાબાદ, પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. કાળધર્મ તિથી નિમિત્તે, ૫) કનક કુમાર દોશી (ચાલિસગામ), ૬) અનંતનાથ સ્નાત્ર મંડળ (મુંબઈ), ૭) ડૉ. ઉર્વશી અને પ્રિયમવંદા મેઘજી ધરમશી (હસ્તે - વિધાતા અને તક્ષશીલા - તારદેવ), ૮) રાયચંદ માલશી મોતા (સેલમ), ૯) જેઠાભાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૧૦) લક્ષ્મીબેન હેમરાજ મોમાયા (મુલુંડ), ૧૧) શાહ લક્ષ્મીચંદ કેશવજી - મદન લોડાયા અને પ્રિયવંદા મેઘજી ધરમશી. પૂ. શ્રી જયદર્શિતાજી મ.સા.ના સંયમ આરાધના નિમિત્તે - તારદેવ), ૧૨) રમીલાબેન મણીલાલ ભઠારા (હસ્તે રૂપમભાઈ ભઠારા- ઘાટકોપર), ૧૩) શા. શાંતિલાલ શામજી શાહ (હસ્તે કાશમિરા મિલન-પટેલ-નાદંગાવ)

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી હુબલી**



હુબલી સ્થિત મહાજનશ્રીના નવી ખરીદી કરેલ જગ્યામાં જ્ઞાતિ બાંધવો માટે નવા મકાનોનું બાંધકામ કરવાનું ભુમીપૂજન કારતક સુદ એકમને ૨૦-૧૦-૨૦૧૭ના રોજ જ્ઞાતિના લાડીલા પ્રમુખ શ્રીયુત ભરતભાઈ ભાણજી ખોના તેમજ અન્ય મહાનુભાવોના હાથે કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી વીરેન્દ્રભાઈ છેડા, ભુતપુર્વ ટ્રસ્ટીઓ, હાલના ટ્રસ્ટીઓ તેમજ જ્ઞાતિના મુરબ્બી સ્વજનોએ હાજરી આપી હતી.

નવા બંધાતા મકાનોમાં કચ્છી હાઉસ A તથા B ના જ્ઞાતિ બાંધવોને શિફ્ટ કરવામાં આવશે અને અન્ય જરૂરતમંદ જ્ઞાતિ બાંધવોને પણ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી હિરાવતી હરીશ કુરૂવા**<br>(PS 5954) | ફ્લેટ ૬૦૧૩, સ્તુતિ ૨, એ વિંગ, એ.ટી.પી.એલ. સેક્ટર ૪, અડાલજ,<br>ગાંધી નગર - ૩૮૨ ૪૨૧. મો.: મેહુલ ૯૪૪૩૩ ૩૦૨૮૯ |
| **સમીર નરેશ લાલકા**<br>(PS 4892) | કે-૭૦૩, આઈ.સી.બી. ફ્લોરા, વોડાફોન ટાવરની પાછળ, ગોટા,<br>અમદાવાદ - ૩૮૨ ૪૮૧. મો.: ૯૮૨૫૬ ૯૯૧૧૮ |
| **મણીકાંત માણેકજી લોડાયા**<br>(PS 4968) | ૩૦૩, રાજેશ્વર પ્લેનેટ્સ ૩જે માળે, મરક્યુરી ટાવર-૧, વાલમ હોલ લેન,<br>હાર્ની રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૨. મો.: ૯૩૭૫૮ ૩૬૯૩૩ |
| **નરેશ ભવાનજી દંડ**<br>(PS 2017) | ફ્લેટ ૧૦૦૨, સેડાર ટાવર ૪, ૧૦મે માળે, રૂનવાલ ગ્રીન્સ,<br>મુલુંડ-ગોરેગામ લીન્ક રોડ, નાહુર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.<br>મો.: નરેશ ૯૮૨૦૩ ૭૬૩૦૯, હાર્દિક ૭૭૩૮૨ ૮૮૫૭૯<br>વર્ષા ૯૩૨૩૯ ૦૪૦૨૭, આદિત્ય ૯૮૨૦૧ ૮૮૧૦૫, જશ્મિલી ૯૮૧૯૭ ૩૩૪૪૮ |
| **શ્રીમતી શાંતાબેન ચંદુલાલ લોડાયા**<br>(PS 3727) | એ-૬૦૨, કોણાર્ક દર્શન, એક્સિસ બેંકની પાછળ, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: હીતેન ૯૮૨૧૫ ૫૯૩૩૬ |
| **ગુલાબચંદ ત્રિકમજી નાગડા**<br>(PS 5208) | ૪૦૧, મલ્લીનાથ એપાર્ટમેન્ટ, સર્વોદય હાઈટ્સની સામે, સર્વોદય નગર,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **મિલન જીવરાજ દંડ**<br>(PS 7332) | બી-૧, દેવકી એપાર્ટમેન્ટ, નાહુર વિલેજ રોડ, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૯૩૦૨ ૫૪૭૪૪ |
| **અનિલ લક્ષ્મીચંદ ખોના**<br>(PS 757) | ૧૨૦૪, એફ્રોડાઈટ, રહેજા એક્રોપોલીસ, દેવનાર વિલેજ રોડ, ગોવંડી,<br>મુંબઈ - ૪૦૦ ૦૮૮. મો.: ૯૮૨૧૦ ૨૭૮૭૩ |
| **શ્રીમતી હેમા કિશોર નાગડા**<br>(PS 6729) | C/o. તન્વી અનુજ કૌલ, બી ૪/૧૨૦૧, એલ્ડીઆ એસ્પનોલા,<br>પુરાણિક બિલ્ડર, મહાલુંગે રોડ, બનેર, પુણે-૪૧૧ ૦૪૫ |
| **ભરત હંસરાજ શાહ (વિકમશી)**<br>(PS 2919) | ફ્લેટ ૩૦૧, સર્વોદય ગાર્ડન કો.હા.સો., બિલ્ડીંગ નં. ૫-બી, પાંડુરંગ વાડી,<br>જૈન દેરાસર પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **વિજય હંસરાજ શાહ (વિકમશી)**<br>(PS 3115) | બી-૨૦૭, ભગવતી કૃપા, ૨જે માળે, રાજાજી રોડ,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **પિયુષ કુંવરજી લાલકા**<br>(PS 2930) | એ-૨૦૩, શ્રી ધનશ્રી કો.હા.સો., રૉયલ કોલેજ પાસે, વીર સાવરકર રોડ,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૮૬૯૨ ૩૦૯૮૪ |
| **હરેશ ખીમજી મોમાયા**<br>(PS 3535) | ડી ૧૦૧, હિમાલય દર્શન બિલ્ડીંગ, પંડિત દીન દયાલ રોડ, આનંદ નગર,<br>ત્રિભુવન બિલ્ડીંગ પાસે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨.<br>મો.: હરેશ ૦૯૮૩૩૧ ૧૫૫૪૫, મનિષા ૦૯૮૩૩૭ ૩૨૩૪૫ |
| **સુનીલ હેમરાજ લોડાયા**<br>(PS 6963) | સુખ સાગર, પદમાલય કો.હા.સો., જી-૩, ભારત કલા રોડ,<br>મલકાપુર - ૪૪૩ ૧૦૧. મો.: ૯૪૨૨૯ ૨૭૦૩૯ |
| **શ્રીમતી ગીતા વિરચંદ શાહ (મોતા)**<br>(PS 5938) | ૨૪/૫૫, વડામલાઈ સ્ટ્રીટ, બેક સાઈડ, પુરૂષા વાલક્કમ,<br>ચેન્નાઈ - ૬૦૦ ૦૦૭. |

## SHANTI AVEDNA SADAN

This place in Bandra is the first HOSPICE in india. It started in 1986 on 2nd November by Founder L.J. D'Souza - a renowned oncologist.

Cancer patients who are at a terminal stage - are admitted here - and taken care of irrespective of any caste creed or community. All services are free of cost including medicine, food, accommodation, toiletries, dress for patients, etc.

This institution is managed by the Shanti Avedna Trust. They aim at relieving the patients from their pain and distressing symptoms - in order to keep them as comfortable as possible.

Patients who are admitted in time for the Palliative Treatment (relieved of all pain and suffering) and care - have a very good chance for quality life.

For any inquiries please contact.
Ms. Mrudula Hirachand Dand - +91-9821485443
Ms. Kalpana Shailesh Shah - +91-9820298189

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૮-૧૭ | વડોદરા | માહિર, નેહા રૂષભ પાનપરિયા | નાંગ્રેચા | પુત્ર |
| ૨૫-૦૮-૧૭ | વડોદરા | પરિન, ભક્તિ પ્રીતેશ લોડાયા | બારોઈ | પુત્ર |
| ૦૪-૦૯-૧૭ | મુલુંડ | જીયરા, દેવાંશી ખંભાત ડાઘા | વરાડીયા | પુત્રી |
| ૨૩-૦૯-૧૭ | રાયપુર | તિર્થ, નિધિ જીનેશ ગિરીશ શિયાડ | જખૌ | પુત્ર |
| ૦૯-૧૦-૧૭ | વડોદરા | વિધાન, કિંજલ પ્રિયાંક મધુકાન્ત દંડ | લાલા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૧૦-૧૭ | ડોમ્બીવલી | મેહુલ હીંમતલાલ શામજી માલદે | દલતુંગી | ૨૫ |
| | કાંજુરમાર્ગ | પૂજા નિતીન લાલજી લોડાયા | વારાપધર | ૨૩ |
| ૨૦-૧૦-૧૭ | વડોદરા | પારસ દિનેશ જેચંદ લોડાયા | જખૌ | ૨૯ |
| | નાંદેડ | પૂજા હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા | દલતુંગી | ૨૬ |
| ૨૦-૧૦-૧૭ | અમદાવાદ | તુષાર ગુલાબ રતનશી સાંયા | સુજાપર | ૨૮ |
| | મોટી ખાવડી | મીતલ સુરેશ માલશી લોડાયા | મોટી ખાવડી | ૨૪ |
| ૨૫-૧૦-૧૭ | ઘાટકોપર | હેનીલ હેમંત ગોવિંદજી લોડાયા | કોઠારા | ૨૭ |
| | હુબલી | દિવ્યા શરદ હેમરાજ મોમાયા | વરાડીયા | ૨૫ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૧૦-૧૭ | મુલુંડ | તેજસ ભૂપેન્દ્ર વિઠ્ઠલદાસ માણેક | અંજાર | ૨૩ |
| | મુલુંડ | માનસી તરુણ હંસરાજ નાગડા | જખૌ | ૨૩ |
| ૧૭-૧૦-૧૭ | નાસિક | અક્ષય નંદકુમાર માણેકચંદ અચેલીયા | ભીલવાડા | ૨૮ |
| | નાંદેડ | ધ્વની રાજેન્દ્ર ચીમનલાલ નાગડા | તેરા | ૨૬ |
| ૨૧-૧૦-૧૭ | મુલુંડ | ચિરાગ નિતિન નેણશી ધરમશી | સુથરી | ૨૮ |
| | મુલુંડ | ધ્વનિ ભરતભાઈ શાંતીલાલ ચંદન | તેરા | ૨૪ |
| ૨૨-૧૦-૧૭ | મુલુંડ | નેવિલ ભરત કલ્યાણજી લોડાયા | સુથરી | ૨૯ |
| | રાજસ્થાન | રીયા નવલ કિશોર બદ્રીપ્રસાદ શર્મા | દિલ્હી | ૩૦ |
| ૨૫-૧૦-૧૭ | ચુનાભટ્ટી | નીરવ જગદીશ રાયશી ગોશર | બાયઠ | ૨૫ |
| | કાંદીવલી | સોની ઈન્દ્રસેન સુબેદાર સિંઘ | આજમગઢ | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૦-૧૭ | દલતુંગી | વનરાજ ભવાનજી લાપસીયા | દલતુંગી | ૫૬ |
| ૧૪-૧૦-૧૭ | મલકાપૂર | પદમા વિજયકુમાર લોડાયા | સુથરી | ૫૬ |
| ૧૬-૧૦-૧૭ | બોરીવલી | ડૉ. વિરેન દેવશી વીરજી ડાઘા | વરાડીયા | ૮૯ |
| ૧૬-૧૦-૧૭ | મુલુંડ | જયંતિલાલ હંસરાજ શામજી લોડાયા | મોટી ખાવડી | ૬૨ |
| ૧૭-૧૦-૧૭ | માટુંગા | કિરણ ખેતશી હીરજી કુરૂવા | બાયઠ | ૬૩ |
| ૧૭-૧૦-૧૭ | ડોમ્બીવલી | ઉત્તમ માડણ નરપાર મૈશેરી | મોટી સિંધોડી | ૪૯ |
| ૧૭-૧૦-૧૭ | ધુલિયા | દિનેશ લક્ષ્મીચંદ મોતા | વારાપધર | ૩૨ |
| ૧૭-૧૦-૧૭ | માટુંગા | કિરણ ખેતશી શાહ | કલીકટ | ૬૩ |
| ૧૮-૧૦-૧૭ | વડાલા | દેવકાબેન ભાણજી મેઘજી લોડાયા | દલતુંગી | ૮૪ |
| ૧૮-૧૦-૧૭ | પૂના | લહેરચંદ મણીલાલ ખીમજી ધુલ્લા | સાંધાણ | ૭૬ |
| ૧૮-૧૦-૧૭ | કલીકટ | સુશીલા હિરાચંદ લોડાયા | - | ૭૦ |
| ૨૦-૧૦-૧૭ | ગોંદિયા | ગુણવંતી ઝવેરચંદ લોડાયા | જશાપર | ૬૭ |
| ૨૧-૧૦-૧૭ | ખંભાળીયા | સરલાબેન અમીચંદ રામજી ખોના | ગોરખડી | ૭૧ |
| ૨૧-૧૦-૧૭ | રાયપુર | જવેરચંદ લખમશી મૈશેરી | નાની સિંધોડી | ૭૦ |
| ૨૩-૧૦-૧૭ | ઘાટકોપર | નલીની ગુલાબચંદ પોલડીયા | બાયઠ | ૭૪ |
| ૨૪-૧૦-૧૭ | દેવલાલી | રજનીકાંત કરમશી માલદે | દલતુંગી | ૭૬ |
| ૨૫-૧૦-૧૭ | મુલુંડ | મુરબાઈ ટોકરશી ધરમશી | જશાપર | ૯૫ |
| ૨૫-૧૦-૧૭ | તેરા | વિરચંદ ઠાકરશી લોડાયા | તેરા | ૮૨ |
| ૨૬-૧૦-૧૭ | સાંતાક્રુઝ | માણેકજી કુંવરજી શીવજી દંડ | દલતુંગી/ભરૂડીયા | ૮૩ |
| ૨૭-૧૦-૧૭ | - | લહેરચંદ હિરજી દેવજી નાગડા | નલિયા | ૭૯ |



IN FOND REMEBRANCE

SHRI DEEPAK BHAI

THOUGH YOUR SMILE HAS GONE FOREVER,
AND YOUR HAND WE CANNOT TOUCH
STILL WE HAVE SO MANY MEMORIES
OF THE ONE WE LOVED SO MUCH
YOUR MEMORY IS OUR KEEP SAKE
WITH US YOU WILL NEVER PART
GOD HAS YOU IN HIS KEEPING
WE HAVE YOU IN OUR HEARTS
IT IS SAD TO WALK THE ROAD ALONE
INSTEAD OF SIDE BY SIDE
BUT TO ALL THERE COMES A MOMENT
WHEN THE WAYS OF LIFE DIVIDE
YOU GAVE US YEARS OF HAPPINESS
THEN CAME SORROW AND TEARS..
BUT YOU LEFT US WITH BEAUTIFUL MEMEORIES
WE WILL TREASURE THROUGH THE YEARS

Dalesh Momaya And Family

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (30-10-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ચતુર્થ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલી



જન્મ : તા.૨૪-૦૭-૧૯૬૭ અરિહંત શરણ : તા.૨૫-૧૦-૨૦૧૩

## સ્વ. અ.સૌ. રેખા હિમતલાલ લાપસિયા

ગામ : દલતુંગી હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

---

સદા હસતી રહી તું, દુ:ખ દેખાડ્યું નહીં,
કદી ન ભૂલાશે, સદા આસપાસ રહેશે તું...
સહજ, સરળતાથી કહી દેતી તું,
ખોટ ના પૂરાશે કદી તારી,
મમતાની મૂર્તિ, સ્નેહની સરીતા તું...

---

### શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...

સાસુજી : શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા
જીવનસાથી : શા. હિમતલાલ લીલાધરભાઈ લાપસિયા
જેઠ-જેઠાણી : શા. રમેશ - સૌ.રમીલા, શા. સુભાષ - સૌ.સુમન, શા. વિજય - સૌ.હંસા
દીયર-દેરાણી : શા. પંકજ - સૌ.વિશાખા
પુત્રી : દિશા, નિધી
ભત્રીજા-ભત્રીજી : સૌ.મનિષા નિલેશ દંડ, સૌ.રિંકુ ભાવિન લોડાયા
પિયુષ, નિકુંજ, હર્ષલ, ચિન્મય, નમ્રતા, પુજા, વામા
માતા-પિતા : અ.સૌ. સોનબાઈ શામજી શીયાલ - શા. શામજી પેથરાજ શીયાલ
ભાઈ-ભાભી : અ.સૌ. ભાવના બીપીન શીયાલ - શા. બીપીન શામજી શીયાલ
બહેન-બનેવી : અ.સૌ. પ્રવીણા વિજય લોડાયા - શા. વિજય વિસનજી લોડાયા

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,